RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

**Year : 15** **Issue : 141** **Dt. 14-12-2025** **Page : 08** **Price : Rs 3**




Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**
Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

# દિલ્હી ગેસ ચેમ્બર AQI 400 પાર

## GRAP-4 પ્રતિબંધ અમલી

## આવશ્યક સેવાઓ સિવાયના તમામ બાંધકામ કાર્ય પર પ્રતિબંધ

નવીદિલ્હી, તા. ૧૩
દિલ્હીમાં વધતા પ્રદૂષણ સ્તરને ધ્યાનમાં રાખીને, એર ક્વોલિટી મેનેજમેન્ટ કમિશને ગ્રેડ ૪ પ્રતિબંધ લાદવાની જાહેરાત કરી છે. ગ્રેડ ૩ પ્રતિબંધો સવારે જાહેર કરવામાં આવ્યા હતા. આ સાથે, ગ્રેડ ૧, ૨, ૩ અને ૪ હેઠળના પ્રતિબંધો હવે દિલ્હીમાં લાગુ કરવામાં આવશે. દિલ્હીમાં ઝડપથી બગડતી હવાની ગુણવત્તાને ધ્યાનમાં રાખીને, એર ક્વોલિટી મેનેજમેન્ટ કમિશનની સમિતિએ તાત્કાલિક અસરથી સૌથી કડક પ્રતિબંધો, ગ્રેડ ૪ લાગુ કરવાનો નિર્ણય લીધો છે. CPCB અનુસાર, શનિવારે સાંજે હવાની ગુણવત્તા વધુ બગડી. જ્યારે દિલ્હીનો અચઈ સાંજે ૪ વાગ્યે ૪૩૧ હતો, તે સાંજે ૬ વાગ્યા સુધીમાં વધીને ૪૪૧ થઈ ગયો.

ધીમા પવન, સ્થિર પરિસ્થિતિઓ અને ખરાબ હવામાનને કારણે, પ્રદૂષકો હવામાં વિખેરાઈ શક્યા નહીં, જેના કારણે પ્રદૂષણમાં વધારો થયો. NCR પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને અન્ય સંબંધિત એજન્સીઓને વધુ પ્રદૂષણ અટકાવવા માટે વધારાના નિવારક પગલાં લેવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. અધિકારીઓનું કહેવું છે કે પરિસ્થિતિ પર સતત નજર



રાખવામાં આવી રહી છે. CAQM એ જનતાને GRAP નાગરિક ચાર્ટરનું પાલન કરવાની અપીલ કરી છે. તબક્કા ૧ અને ૨ ઉપરાંત, વધારાના સૂચનોમાં ટૂંકા અંતર માટે ચાલવું અને સાયકલ ચલાવવું, જાહેર પરિવહનનો ઉપયોગ કરવો, કારપૂલિંગ કરવું, ઘરેથી કામ કરવું, કોલસા અથવા લાકડાથી ગરમી ટાળવી, સુરક્ષા કર્મચારીઓને ઈલેક્ટ્રિક હીટર પૂરા પાડવા અને બિનજરૂરી મુસાફરી ઘટાડવાનો સમાવેશ થાય છે. નિર્ણયમાં જણાવાયું છે કે આ તબક્કા ૧, ૨ અને ૩ માં હાલના પગલાં ઉપરાંત લાગુ થશે. NCR પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને સંબંધિત એજન્સીઓને હવાની ગુણવત્તામાં વધુ બગાડ અટકાવવા માટે તાત્કાલિક કાર્યવાહી વધુ તીવ્ર બનાવવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. નાગરિકોને પ્રદૂષણને નિયંત્રિત કરવા માટે GRAP નિયમોનું પાલન કરવા વિનંતી કરવામાં આવે છે.

GRAP ૪ પ્રતિબંધોમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગો, રસ્તાઓ, ફ્લાયઓવર, ઓવરબ્રિજ, પાવર વિતરણ પ્રોજેક્ટ્સ અને આવશ્યક સેવાઓ સિવાયના તમામ બાંધકામ કાર્ય પર સંપૂર્ણ પ્રતિબંધ શામેલ છે. ટ્રકોને દિલ્હીમાં પ્રવેશવાની મનાઈ રહેશે. ફક્ત આવશ્યક માલસામાન, CNG અને ઈલેક્ટ્રિક ટ્રક અને BS-VI એન્જિનવાળા ટ્રકોને જ મુક્તિ આપવામાં આવશે. દિલ્હીની બહાર નોંધાયેલા બિન-આવશ્યક હળવા વાણિજ્યિક વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ રહેશે. BS-IV અથવા તેનાથી જૂના સાથે દિલ્હીમાં નોંધાયેલા ડીઝલ ભારે માલસામાન વાહનો પર પ્રતિબંધ રહેશે. ૬ થી ૯ અને ૧૧ ના વર્ગો ઓનલાઈન અથવા હાઈબ્રિડ મોડમાં લઈ શકાય છે. સરકારી અને બિન-સરકારી કચેરીઓને ૫૦% ક્ષમતા સાથે ઘરેથી કામ કરવાનો આદેશ આપી શકાય છે.



# અંબાજીમાં પથ્થરમારો

## ફોરેસ્ટની જમીન બાબતે હંગામો, ૪૫ ફોરેસ્ટ-પોલીસ ઘાયલ : પૂર્વ આયોજીત કાવતરુ હોવાની આશંકા

રાજકોટ, તા. ૧૩
અંબાજી નજીક ગબ્બર રોડ પર આવેલ પાડલીયા ગામમાં ફોરેસ્ટની જમીન બાબતે હંગામો થયા બાદ ફોરેસ્ટ અધિકારીઓ અને પોલીસકર્મીઓ પર પથ્થરમારો કરવામાં આવ્યો હોવાની ઘટના બની છે. ઘટના દરમિયાન અનેક અધિકારીઓ અને પોલીસકર્મીઓ ઘાયલ થયા છે. અંબાજીના પાડલીયા ગામે ફોરેસ્ટ વિભાગની કર્મચારીઓ પર સ્થાનિક લોકો દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. હુમલાની જાણ ફોરેસ્ટના અધિકારીઓ દ્વારા પોલીસને કરવામાં આવતા અંબાજી પીઆઈ આર.બી.ગોહિલ પોલીસ સ્ટાફ સાથે ઘટના સ્તળે પહોંચ્યા હતા. અંબાજી પીઆઈ આર.બી. ગોહિલને તીર મારવામાં આવ્યું હતું. કાનના ભાગે તીર વાગતા પીઆઈ બેભાન થઈ જવા પામ્યા હતા. પી.આઈ.ની હાલત ગંભીર થતા LCB એ તેમનો આબાદ બચાવ કર્યો હતો. હાલ પીઆઈની હાલત ગંભીર છે.

પથ્થરમારા દરમ્યાન પોલીસ અને ફોરેસ્ટ વિભાગની ગાડીઓને પણ નુકસાન થવા પામ્યું હતું. સ્થાનિકોમાં ગુસ્સો ફાટી નીકળતા લોકોએ પોલીસની ગાડીઓ પર પથ્થરમારો કર્યો હતો અને સળગાવી દીધી હતી. આ ઘટનામાં ૨૫ જેટલા પોલીસકર્મી ઘાયલ થયા છે.

સ્થાનિકો દ્વારા ફોરેસ્ટ વિભાગ તેમજ પોલીસ પર સતત પથ્થરમારો થતા મામલો વધુ ગંભીર બન્યો હતો. ઘટનાની ગંભીરતા જોતા લોકલ ક્રાઈમ બ્રાન્ચ સહિતનો મોટો પોલીસ કાફલો ઘટના સ્થળે તૈનાત કરવામાં આવ્યો હતો. પથ્થરમારા દરમિયાન પોલીસ અને ફોરેસ્ટ વિભાગની અનેક ગાડીઓને નુકસાન પહોંચ્યું હતું. સ્થાનિકોમાં ભારે રોષ ફાટી નીકળતા કેટલાક તત્વોએ સરકારી વાહનો પર પથ્થરમારો કર્યો હતો તેમજ આગચંપી પણ કરી હતી. આ હિંસક ઘટનામાં અનેક પોલીસ કર્મચારીઓ અને ફોરેસ્ટ વિભાગના કર્મચારીઓ ઘાયલ થયા હતા. હાલ પરિસ્થિતિ પર પોલીસ દ્વારા કાબૂ મેળવવાની કાર્યવાહી ચાલી રહી છે અને સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

આ બાબતે કલેક્ટર મિહિર પટેલે જણાવ્યું હતું ક, ૯ ઈજાગ્રસ્ત લોકોને પાલનપુર રિફર કરવામાં આવ્યા છે. આ હુમલો પૂર્વનિયોજિત હોવાનો કલેક્ટરે દાવો કર્યો છે. પથ્થર, ભૂપમ અને તીર-કામઠા વડે હુમલો કરવામાં આવ્યો છે. હુમલાની સમગ્ર ઘટના અંગે પોલીસ તપાસ કરી રહી છે. હુમલો કરનાર સામે કડક કાર્યવાહી કરીને સજા આપવામાં આવશે.

## ગુજરાત પોલીસનું 'ઓપરેશન કારાવાસ'

# જામીન બાદ પરત ન ફરનારા આરોપીઓની ખેર નહીં

### હ્યુમન ઈન્ટેલિજન્સનો જ નહીં, ટેક્નિકલ સર્વેલન્સનો અસરકારક ઉપયોગ કરીને ૪૧ આરોપીઓને પકડવામાં પોલીસને સફળતા



રાજકોટ, તા. ૧૩
રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયના માર્ગદર્શન હેઠળ ગુજરાત પોલીસે જામીન કે પેરોલ પર છૂટ્યા બાદ જેલમાં પરત ન ફરનારા આરોપીઓને પકડવા માટે તા.૨૬ મી નવેમ્બરથી વિશેષ 'ઓપરેશન કારાવાસ' શરૂ કર્યું છે, જેમાં ગુજરાત પોલીસને મોટી સફળતા મળી છે. આ ઓપરેશન અંતર્ગત વિસ્તૃત માહિતી આપતા રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે જણાવ્યું કે, છેલ્લા ૧૫ દિવસમાં પોલીસે આશરે ૪૧ આરોપીઓને ઝડપી પાડ્યા છે. તે પૈકી ૧૫ જેટલા આરોપીઓ પાંચ વર્ષથી વધુ સમયથી ફરાર હતા. તે ઉપરાંત ૨૫ આરોપીઓ મૃત્યુ પામ્યા હોવાનું ઓપરેશન કરાવાસ દરમિયાન જાણવા મળ્યું છે. તે તમામના ડેથ સર્ટિફિકેટ મેળવીને જરૂરી કાર્યવાહી કરવામાં આવી રહી છે આ ૨૫ આરોપીઓ પૈકી ૧૭ આરોપીઓ પાંચ વર્ષથી વધુ સમયથી ફરાર હતા.

નોંધનીય બાબત છે કે, ઓપરેશન કારાવાસ અંતર્ગત પકડાયેલા આ તમામ આરોપીઓ ખૂન, બળાત્કાર જેવા ગંભીર ગુનામાં સંડોવાયેલા અને આજીવન કેદની સજા થયા બાદ જામીન કે પેરોલ પર છૂટીને જેલમાં પરત ન ફર્યા હોય તે પ્રકારના આરોપીઓ હતા. ગુજરાત પોલીસની આ સફળતા પાછળ તેમની ખંતપૂર્વકની મહેનત અને વ્યૂહાત્મક કામગીરી રહેલી છે. પોલીસે માત્ર હ્યુમન ઈન્ટેલિજન્સનો જ નહીં, પરંતુ ટેક્નિકલ સર્વેલન્સનો પણ અસરકારક ઉપયોગ કરીને આ આરોપીઓને પકડવામાં ખૂબ મોટી જહેમત ઉઠાવી છે. આ આરોપીઓ ખૂબ લાંબા સમયથી ફરાર હતા અને કાયદાથી દૂર રહેવા માટે અન્ય રાજ્યોમાં પણ પોતાની ઓળખ અને હુલિયો છુપાવીને રહેતા હતા. આવા જટિલ કિસ્સાઓમાં પણ ગુજરાત પોલીસે દિવસ-રાત એક કરીને આંતર-જિલ્લા અને આંતર-રાજ્ય કોઓર્ડિનિશન સ્થાપિત કરીને સફળતા પ્રાપ્ત કરી છે.

રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે આ સફળતા બદલ સમગ્ર ટીમોને બિરદાવીને અભિનંદન પાઠવ્યા છે. કાયદાથી દૂર રહેલા અન્ય આરોપીઓને વહેલી તકે પકડવા માટે આ કાર્યવાહી હજી પણ ચાલુ રાખવામાં આવનાર છે. વિકાસ સહાયે ઓપરેશન કારાવાસ અંતર્ગત જે આરોપીઓ પેરોલ/ફર્લો પરથી પરત ન આવ્યા હોય, તેમને પકડવા માટે તમામ પોલીસ કમિશનરઓ અને પોલીસ અધિક્ષકઓને સૂચનાઓ આપી છે.

**૧૫ દિવસમાં જામીન પરથી ફરાર ૪૧ આરોપીઓને પકડયા**
**૧૫ જેટલા આરોપીઓ પાંચ વર્ષથી વધુ સમયથી હતા ફરાર**

## રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે

# બ્રિજ તપાસવાવાળુ કોઈ નથી!

### ૧૧૦ વર્ષ જુના કૈસરી હિંદ પુલ, સામાકાંઠે આવેલા ઈંદિરા બ્રીજ, ચંપકભાઈ વોરા બ્રીજ સહિત ૧૨ ઓવરબ્રિજ જોખમી બની શકે છે

### ગંભીરા બ્રીજ, અમદાવાદના સુભાષ બ્રીજ અને વલસાડના નવ નિર્મિત ઓવરબ્રિજની ઘટના પરથી બોધપાઠ લેવાયો નથી

રાજકોટ, તા. ૧૩
મહેસાણામાં મહી નદી પરના ગંભીરા બ્રીજની ગંભીર દૂર્ઘટના પછી સફાળી જાગેલી રાજ્ય સરકારે રાજ્યના તમામ ઓવરબ્રિજની ચકાસણી કરવા આદેશ આપ્યા પછી પણ થોડા દિવસ પહેલા અમદાવાદમાં સૂભાષ બ્રિજને નુકસાન અને વલસાડના નવ નિર્મિત બ્રિજ તુટી પડવાની ઘટનાએ રાજકોટમાં પણ ઓવરબ્રિજ અને અંડર બ્રિજના આયુષ્ય સામે પ્રશ્નાર્થ ઊભો કર્યો છે. ત્યારે આઘાત જનક બાબત એ સામે આવી છે કે, મહાનગરપાલિકાની સ્થાપનાથી બાવન વર્ષની ઉજવણી સુધીના વર્ષોમાં મહાનગરપાલિકામાં બ્રિજની ચકાસણી કરી સ્ટ્રકચરલ સ્ટેબિલિટી રિપોર્ટ આપી શકે તેવા કોઈ ઈજનેર કે સ્ટ્રકચર ઓડિટરની પોસ્ટ જ નથી! બીજી બાજુ કૈસરે હિંદ બ્રિજ, ઈંદિરા બ્રિજ, ચંપકભાઈ વોરા બ્રિજનું આયુષ્ય પૂરું થઈ ગયું હોય ગમે ત્યારે ગંભીર અકસ્માત અને જાનહાનિ સર્જી શકે તેમ હોવા છતાં તંત્ર કાયમ ''સબ સલામત'' ની આલબેલ પોકારતું આવ્યું છે. અમદાવાદના સુભાષબ્રીજની નબળી સ્થિતિને કારણે બંધ કરવો પડ્યો છે ત્યાં હવે વલસાડ પાસે નવિનર્મિત ઓવરબ્રીજનો એકભાગ તુટી પડયાની ઘટના બની છે.

રાજકોટમાં નવનિર્મિત સાંઢિયા પુલની કામગીરી દરમિયાન ત્રાપા ટેકા ખસી જતાં ફુલનો એક ભાગ નમી ગયો હતો. આ પહેલા સર્વેશ્વર ચોકમાં પણ વોંકળાનો સ્લેબ તુટી પડવાની ઘટનાએ તંત્રને ધ્રુજાવ્યુ હતું. પણ આ એક નરી વાસ્તવિકતા છે કે, રાજકોટના રાજાશાહી વખતના કૈસરે હિંદ પુલ સહિત નાના મોટા ૧૨ બ્રીજ કેટલાં સલામત છે ? તેની ચકાસણી કરવા મહાનગરપાલિકા તંત્રમા કોઈ પોસ્ટ જ નથી. બ્રિજની ચકાસણી મુદ્દે મહાનગરપાલિકા હજી ભર ઉંઘમાં છે. આથી સિટી ઈજનેરોના ભરોસે તેમના સાચા ખોટા રિપોર્ટ પર આધાર રાખે છે.

રાજકોટના રાજાશાહી વખતના ૧૧૫ વર્ષ જુના કૈસરે હિંદ પુલ સહિતના તમામ નાના મોટા ઓવર બ્રીજ અને અંડર બ્રીજની ચકાસણી કરવા માટે મહાનગરપાલિકા પાસે કોઈ કાયમી સ્ટ્રક્ચર ઓડિટર જ નથી . સાથે સાથે બ્રીજના



નિષ્ણાંતો છે તેવા આર્કિટેક્ટ અને સ્ટ્રકચરલ ઈજનેરોની કન્સલ્ટન્ટ તરીકે નિમણુંક કરવાનું ક્યારેય સુઝ્યું નથી.! મહાનગરપાલિકા દ્વારા જામનગર રોડ પરના સાંઢિયાપુલનું નવનિર્માણ ચાલી રહ્યું છે તેમાં પણ અગાઉ પુલના એકભાગ બેસી ગયાની ઘટના બની હતી પણ, જે તે સમયે સિટી ઈજનેરના રિપોર્ટના આધારે તંત્રએ આ ઘટનાને હળવાશથી લીધી હતી.

રાજાશાહી સમયના કૈસરે હિંદ પુલ, કેકેવી સર્કલ બ્રીજ, કોટેચા ચોકથી આત્મિય કોલેજ સુધીના ફલાય ઓવર બ્રીજ, ગોંડલ ચોકડીનો બોટલ નેક બ્રીજ, સામા કાંઠે આવેલા ઈંદિરા બ્રીજ, ચંપકભાઈ વોરા બ્રીજ સહિતના અનેક નાના મોટા ૧૨ જેટલા ઓવરબ્રીજની સલામતી ચકાસવી જરૂરી હોવાછતાં મહાનગરપાલિકા દ્વારા કોઈ કામગીરી થતી નથી. જૂલાઈ મહિનામાં વડોદરા પાસે મહીસાગર નદી પરનો ગંભીરા બ્રીજ તુટી પડવાની ઘટનામાં ૧૩થી વધુ નિર્દોષ નાગરિકોના મૃત્યુ નીપજ્યા બાદ રાજ્યમાં અવારનવાર પુલ તુટવાની ઘટનાઓ બની રહી છે.

થોડા દિવસો પહેલા અમદાવાદના સુભાષ બ્રીજના નબળા બાંધકામને કારણે પુલમાં નુકસાન થતાં આ પુલ અવરજવર માટે બંધ કરાયો છે. ત્યાં વલસાડ પાસે એક નવનિર્મિત પુલનો ભાગ તુટી પડવાની ઘટના પણ બની છે. ત્યારે રાજકોટના કૈસરે હિંદ પુલ સહિતના તમામ ૧૨ ઓવર બ્રીજની સ્ટ્રકચરલ સ્ટેબિલિટીની ચકાસણી કરવામાં નહીં આવે તો ભવિષ્યમાં રાજકોટમાં પણ આવી કોઈ ગંભીર ઘટના બની શકે તેમ છે. ગંભીરા બ્રીજની ઘટના બાદ રાજ્ય સરકારે રાજ્યના તમામ બ્રીજની સ્ટ્રકચરલ સ્ટેબિલીટી ચેક કરવા માટે પોલિસી તૈયાર કરી છે. પણ, રાજકોટ મહાનગરપાલિકા પાસે કોઈ કાયમી સ્ટ્રક્ચરલ એન્જિનિયર કે સ્ટ્રકચર ઓડિટર ન હોવાથી સિટી ઈજનેરો જે સાચો ખોટો રિપોર્ટ આપે તેના પર જ આધાર રાખવો પડે છે.

નિયમ અનુસાર દરેક મહાનગરપાલિકા અને જિલ્લા પંચાયત હસ્તકના અંડર બ્રીજ અને ઓવર બ્રીજની દર ત્રણ વર્ષે સ્ટ્રકચરલ ઓડિટર પાસે બ્રીજની ગુણવતાની ચકાસણી કરીને રાજ્ય સરકારને રિપોર્ટ મોકલવાનો હોય છે પણ, રાજકોટ મહાનગરપાલિકાની સ્થાપના થઈ અને બાવન વર્ષની ઉજવણી થઈ ત્યાં સુધીના વર્ષોમાં ક્યારેય સ્ટ્રક્ચરલ ઓડિટરની પોસ્ટ ઉભી કરવાનું શાસકો કે પ્રશાસકોને સુઝ્યું નથી. આ કારણે ૧૧૦ વર્ષ જુના કેસરે હિંદ પુલ કે થોડા વર્ષો પહેલા બનેલા કેકેવી સર્કલ ફલાય ઓવર બ્રીજ, શહિદ બ્રીજ સહિતના નાના મોટા ૧૨ જેટલાં ઓવરબ્રીજની છેલ્લે ક્યારે ચકાસણી થઈ એ મહાનગરપાલિકાના તંત્ર વાહકોએ પણ યાદ કરવું પડે તેમ છે. નિષ્ણાંતોની કોઈ પોસ્ટ ન હોવાથી બ્રીજ કેટલાં જોખમી છે કે કેટલાં સુરક્ષિત છે તે માટે સિટી ઈજનેરો જે સાચો ખોટો રિપોર્ટ આપે તેના પર જ આધાર રાખવો પડે છે.

લાખાજીરાજ બાપુ જ્યારે રાજકોટના ઠાકોર સાહેબ હતા એ સમયે એટલે કે આઝાદીના સમયકાળ પહેલાં ૧૯૧૦માં કૈસરે હિંદ પુલનું બાંધકામ કરવામાં આવ્યું હતું. આ પછી ૧૯૯૦માં જ્યારે કમિશનર પદે અમરજીત સિંઘ હતા ત્યારે આ બ્રીજને ટુ વે કરવા માટે પહોળો બનાવવામાં આવ્યો હતો. કૈસરે હિંદ પુલની જેમ જામનગર રોડને જોડતાં સાંઢિયાપુલ જર્જરિત થઈ જતાં હાલમાં તેના નવ નિર્માણનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. આ કામગીરી દરમિયાન થોડા સમય અગાઉ બ્રીજના સ્લેબ માટે મુકાયેલા ટેકા ખસી જતાં બ્રીજનો એક ભાગ નમી પડયો હતો.

## ૧૪ ડિસેમ્બર 'વિશ્વ ઊર્જા સંરક્ષણ'

# સૂર્ય ઘર યોજનામાં ગુજરાત પ્રથમ

### માર્ચ-૨૦૨૭ સુધીમાં સૂર્ય ઘર મફત વીજળી યોજના અંતર્ગત ૧૦ લાખ રહેણાંકીય રૂફટોપ સોલાર સિસ્ટમ્સ સ્થાપવાનું લક્ષ્ય

રાજકોટ, તા. ૧૩

દર વર્ષે તા. ૧૪ ડિસેમ્બરે ગુજરાત સહિત વિશ્વભર માં 'વિશ્વ ઊર્જા સંરક્ષણ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. ગુજરાતમાં ઊર્જા સંરક્ષણ બાબતે કરેલી કામગીરી અંગે ઊર્જા મંત્રી ઋષિકેશ પટેલે વિગતો આપતા જણાવ્યું હતું કે, સોલાર ઊર્જા ઉત્પન્ન કરવામાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ વીજળીના સતત વધી રહેલા વપરાશ અને ભાવિ માંગને પહોંચી વળવા તૈયાર છે.

ગુજરાતે 'પીએમ સૂર્ય ઘર : મફત વીજળી યોજના'ના સફળ અમલીકરણ થકી એક ક્રાંતિકારી પહેલ કરી છે. વડાપ્રધાનદ્વારા શરુ કરેલ પી.એમ. સૂર્ય ઘર યોજનાના અમલીકરણમાં દેશમાં ૨૫ ટકાના યોગદાન સાથે ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમક્રમે છે તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

વધુમાં મંત્રીએ ઉમેર્યું હતું કે, ગુજરાતે આગામી વર્ષ-૨૦૨૭ સુધીમાં પીએમ સૂર્ય ઘર મફત વીજળી યોજના અંતર્ગત ૧૦ લાખ રહેણાંકીય રૂફટોપ સોલાર સિસ્ટમ્સ સ્થાપવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે. ગુજરાતે અત્યારે સુધીમાં આ યોજના હેઠળ કુલ ૧૮૮૬ મેગાવોટ સોલર ક્ષમતાની ૪.૯૬ લાખ રૂફટોપ સોલાર સિસ્ટમ્સ સ્થાપન કરેલ છે જે રાજ્યના લક્ષ્યાંકના ૪૯ ટકાથી વધુ છે જે એક મહત્વની સિધ્ધિ છે. વધુમાં ઊર્જા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, પીએમ સૂર્ય ઘરઃ મફત વીજળી યોજનાની કામગીરીની સમીક્ષા માટે રાજ્ય કક્ષાની સંકલન બેઠક બોલાવવામાં આવે છે. જેમાં રાજ્યમાં ચાલી રહેલ યોજનાની કામગીરી અંગે સમીક્ષા કરવામાં આવે છે. રાજ્ય સરકારે પીએમ સૂર્ય ઘરઃ મફત વીજળી યોજના ને વધુ વેગવંતી બનાવવા અને રૂફટોપ સોલર ઇન્સ્ટોલેશન માટે ગ્રાહકોને પ્રોત્સાહિત કરવા, ૬ કિ.લો વોટ સુધીની સોલાર રૂફટોપ સિસ્ટમ માટે રેગ્યુલેટરી ચાર્જિસ રૂ.૨૯૫૦ની સહાય તથા ૬ કિલો વોટ સુધીની સોલાર રૂફટોપ સિસ્ટમ માટે નેટવર્ક સ્ટ્રેન્થનિંગ ચાર્જ માફ કરવામાં આવેલ છે. તેમજ વધુ સુવિધા માટે નેટ મીટરીંગ એગ્રીમેન્ટ કરવાની જરૂરિયાતમાંથી પણ મુક્તિ આપવામાં આવેલ છે. જેના પરિણામ સ્વરૂપે ગુજરાતમાં વધુમાં વધુ નાગરિકો પીએમ સૂર્ય ઘરઃ મફત વીજળી યોજનાનો લાભ લઇ રહ્યા છે.

વધુમાં જણાવવાનું કે આજે ગુજરાત સોલાર રૂફટોપક્ષેત્રે ૨૭%ના યોગદાન સાથે દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે. જેમાં રહેણાંક તથા બિન રહેણાંક ક્ષેત્રે સાથે સંકલિત કુલ ૬૩૧૫ મેગાવોટ સોલાર સિસ્ટમોનું સ્થાપન થયેલ છે. જે થકી દર વર્ષે ૯૩૮૬ મિલિયન યુનિટ ઇલેક્ટ્રિસીટી ઉત્પન થશે. જેના પરિણામ સ્વરૂપે દર વર્ષે ૬.૩૮ મિલિયન મેટ્રિક ટન કોલસાની બચત થશે , ૮.૩૩ મિલિયન ટન ઈધ÷ ઉત્સર્જનમાં ઘટાડો થશે તેમ મંત્રી શ્રીએ વધુમાં જણાવ્યું હતું.



### સિદ્ધિઓ હાંસલ થવાના મુખ્ય પરિબળો

રાજ્ય સરકારની નવીનીકરણીય ઊર્જાને પ્રોત્સાહન આપવા માટેની સશક્ત પ્રતિબદ્ધતા અને સક્રિય સહયોગ છે. ગુજરાતે ગ્રાહકોને મુખ્ય હિસ્સેદાર તરીકે ગણીને ગ્રાહક-પ્રથમ અભિગમ અપનાવ્યો છે. ગુજરાત એક નીતિ આધારિત રાજ્ય છે. જ્યાં સોલાર પોલિસી હેઠળ નેટ મીટરિંગનો અમલ કરવામાં આવે છે. રાજ્યમાં રહેણાંકક્ષેત્રે સોલાર સ્થાપના માટે લોડની કોઈ મર્યાદા નથી. નાગરિકો માટે ઘરે ઉત્પન્ન થતી વધારાની વીજળીની વેચાણની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે. સોલર સિસ્ટમ ધરાવનાર રહેણાંક વપરાશકર્તાઓને બેંકિંગ શુલ્ક ચૂકવવો પડતો નથી. નાગરિકોને કોઈ પણ પ્રકાર પરેશાની વગર સરળતાથી સોલાર રૂફટોપ યોજનાનો લાભ લઈ શકે તે માટે રાજ્ય સરકારે દરેક બાબતોનું ધ્યાન આપી રહી છે.

# ઉત્કર્ષલક્ષી યોજનાઓથી સ્વપનાઓ સાકાર

### મંત્રીશ્રી ડો. પદ્યુમન વાજાએ રાજકોટ સ્થિત ઠક્કરબાપા કુમાર છાત્રાલયની લીધી મુલાકાત



રાજકોટ, તા. ૧૩

કેબિનેટ મંત્રીશ્રી ડો. પદ્યુમન વાજાએ રાજકોટ સ્થિત ઠક્કરબાપા કુમાર છાત્રાલયની મુલાકાત લીધી હતી. આ તકે મંત્રીએ છાત્રાલયમાં રૂમ, લાઇબ્રેરી, રસોડું, ટોયલેટ બ્લોક સહિત ઉપલબ્ધ સુવિધાઓનું નિરીક્ષણ કરી ફરજ પરના અધિકારીશ્રીઓને જરૂરી સૂચના આપી હતી. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રી પ્રદ્યુમ્ન વાજાએ અનુસુચિત જાતિ સમાજનાં પ્રતિષ્ઠિત વ્યક્તિઓ તેમજ દાતાશ્રીઓનું સન્માન કર્યુ હતુ.

ઠક્કરબાપા કુમાર છાત્રાલય ખાતે મંત્રીએ જણાવ્યું હતું કે, '' બાળકો-વિદ્યાર્થીઓ ભારતનું ભવિષ્ય છે, આઝાદીના ૧૦૦ વર્ષમાં દેશને વિકસિત અને સમૃદ્ધ દેશ બનાવવા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સતત કાર્યરત છે.'' ત્યારે યુવાનો, મહિલાઓ, ખેડૂતો સહિત સમાજનાં તમામ વર્ગનો સર્વાંગી વિકાસ થાય તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાં નેતૃત્વમાં વર્તમાન સરકાર કટિબદ્ધ હોવાનું મંત્રીએ કહ્યું હતું. તેમણે વિશેષમાં સરકારશ્રીની નમો લક્ષ્મી યોજના, પાયલોટ યોજના, વિદેશ ઉચ્ચ અભ્યાસ લોન યોજના સહિત વિદ્યાર્થી ઉત્કર્ષલક્ષી યોજનાઓથી વિદ્યાર્થીઓના સ્વપનો સાકાર થઈ રહ્યા હોવાનું ઉમેર્યું હતું.

છાત્રાલયમાં નિયમિત મુલાકાત કરી વિદ્યાર્થીઓ અને છાત્રાલયના વિકાસમાં યોગદાન આપવા સમાજ શ્રેષ્ઠિઓને મંત્રીએ આ તકે આહ્વાન કર્યું હતું. અનુસુચિત જાતિ મોરચાનાં રાષ્ટ્રીય અધ્યક્ષ લાલસિંહ આર્યએ રાજ્યમાં કાર્યરત વિદ્યાર્થી ઉત્કર્ષલક્ષી યોજનાઓની સરાહના કરી હતી. વિદ્યાર્થીઓ શિક્ષિત બની, પોતાના સ્વપનો સાકાર કરી, દેશના વિકાસમાં યોગદાન આપવા વિદ્યાર્થી ઓને અપીલ કરી હતી. છાત્રાલય મુલાકાત દરમિયાન મંત્રીશ્રી સાથે પૂર્વ કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા સહિત મહાનુભાવઓ, અગ્રણીઓ તેમજ સમાજશ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### જો કુતરૂ કરડે તો કેસ પેપર મળ્યા બાદ પકડવા કાર્યવાહી થશે

# ભસતા કુતરા પાછળ નહીં દોડે મનપા!

રાજકોટ તા. ૧૩

સુપ્રીમ કોર્ટના આદેશ બાદ સમગ્ર રાજ્યની સાથે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પણ રખડતા કૂતરાઓનો સર્વે શરૂ કર્યો છે. શહેરની સાત સરકારી સહિત ૩૭ હોસ્પિટલ, મહાનગરપાલિકા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત ૯૦ થી વધુ શાળાઓ, સરકારી અને ખાનગી સ્કૂલોમાં સુપ્રીમ કોર્ટની ગાઈડ લાઈન મુજબ કામગીરી કરવા ચાર નોડલ ઓફિસરની નિમણુક પણ કરી છે. ત્યારે હવે ભસતા કે દોડતા કુતરાઓ પકડવા કે તેની નોંધ કરવાને બદલે જો કુતરૂ કરડે તો કેસ પેપર મળ્યા બાદ કુતરા પકડવાની કામગીરી કરવા નિર્ણય લેવાયો હોવાનું જાણવા મળે છે.

સુપ્રીમ કોર્ટના આદેશ બાદ મહાનગરપાલિકા હજી રખડતા કૂતરાઓનો સર્વે કરી તેને પકડવાની કામગીરી શરૂ કરે તે પહેલાં જ જીવદયા પ્રેમીઓનો વિરોધ ઉઠ્યો છે.

બીજી બાજુ મહાનગરપાલિકાએ કુતરાના સર્વે સહિતની કામગીરી માટે ચાર નોડલ ઓફિસરની નિમણુક પણ કરી છે. પણ, જીવદયા પ્રેમીઓના વિરોધનાં પગલે



હવે મહાનગરપાલિકાની પ્રાણી રંજાડ અંકુશ શાખાએ વચલો માર્ગ કાઢ્યો છે. અને નોડલ ઓફિસરોને નાગરિકોને ભસતા કુતરા કે પાછળ દોડતા કુતરાઓની નોંધ કરવાને બદલે માત્ર જો કોઈ વ્યક્તિની કુતરૂ કરડવાની ફરિયાદ આવે તો કેસ પેપરની નોંધ આધારે નોંધ કરી કુતરાને પકડવાની કામગીરી કરવા અને પંદર દિવસ સુધી બંધ રાખી ફરીથી જે તે વિસ્તારમાં જ છોડી દેવા આદેશ કર્યો હોવાનું જાણવા મળે છે. મહાનગરપાલિકા દ્વારા ભસતા કુતરા કે પાછળ દોડતા કુતરાઓની ફરિયાદ લેવાનું અચાનક જ બંધ કરી દેવાતા કુતરાના ત્રાસનો અવારનવાર ભોગ બનતા નાગરિકોમાં રોષ ફેલાયો છે.

# વાઈબ્રન્ટ કોન્ફરન્સની તૈયારીનું અવલોકન કરતા એસ.હૈદર

### મુખ્ય ફંકશન, સેમીનાર-એક્ઝીબીશનનું આયોજન કઈ જગ્યાએ કરી શકાય તેના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અંગે સમીક્ષા

રાજકોટ, તા. ૧૩

રાજકોટમાં આગામી ૧૦ થી ૧૨ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન યોજાનાર વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC-૨૦૨૬) ના આયોજિત સ્થળ મારવાડી યુનીવર્સીટી કેમ્પસ ખાતે તા. ૧૩.૧૨.૨૦૨૫ ના રોજ ઊર્જા વિભાગના અધિક મુખ્ય સચિવ એસ. જે. હૈદર (IAS), પીજીવીસીએલના મેનેજીંગ ડાયરેક્ટર કેતન જોષી (IAS), DICના લાડાણી, ઈંગઉઊડ ના ક્ષિતિજ, GIDCના રાણા, GERMના ડો. રાવ તેમજ GPCLના મિસ્ત્રી દ્વારા વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સની સ્થળ મુલાકાત લઈ



ચાલતી તૈયારી અને કામગીરીનું નિરીક્ષણ કરેલ.

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC) માં વધુ પ્રમાણમાં એક્ઝિબિટર્સ ઉદ્યોગપતિઓ, ઉદ્યોગસાહસિકો અને મુલાકાતીઓ ભાગ લે તે અંગે જરૂરી ચર્ચા વિચારણા કરી આગામી કાર્યક્રમના માઈક્રોપ્લાનિંગ અંગે સમીક્ષા કરવામાં આવી હતી. સ્થળ મુલાકાત દરમ્યાન વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સના મુખ્ય ફંકશન, સેમીનાર અને એક્ઝીબીશનનું આયોજન કઈ જગ્યાએ કરી શકાય તેના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અંગે સમીક્ષા કરી વિગતવાર ચર્ચા કરી અધિકારીઓને આ અંગે જરૂરી સૂચના પૂરી પાડવામાં આવેલ.

# અરવિંદભાઈ મણીયાર હોલના તાળાં ખુલશે

### દોઢ વર્ષ સુધી નવ નિર્માણની કામગીરી ચાલ્યા બાદ જાન્યુઆરી મહિનામાં લોકાર્પણની તૈયારી

રાજકોટ તા. ૧૩

શહેરની મધ્યમાં અને હાર્દસમા વિસ્તાર જ્યુબિલી બાગમાં આવેલા અરવિંદભાઇ મણિયાર કોમ્યુનિટી હોલ લાંબા સમયથી બંધ રહ્યા બાદ તેનું નવ નિર્માણ પુરું થતા હવે ફરીથી સાંસ્કૃતિક અને સામાજિક સહિત વિવિધ કાર્યક્રમો માટે જાન્યુઆરી માસમાં લોકાર્પણ કરવામાં આવશે. અરવિંદભાઇ મણિયાર હોલનું સંચાલન કરવા માટે સામાજિક સંસ્થાઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવશે. આવી જ રીતે સંતોષ પાર્કમાં બનેલા એરકન્ડિશન અને નોન એસી કોમ્યુનિટી હોલ પણ તૈયાર થઈ જતાં તેના ભાડાં નક્કી કરવા આગામી સ્ટેન્ડિંગ કમિટીમાં દરખાસ્ત કરવામાં આવશે.

શહેરની મધ્યમાં જ્યુબિલી બાગમાં આવેલા અરવિંદભાઇ મણિયાર કોમ્યુનિટી હોલ જે અગાઉ કોનટ હોલ તરીકે ઓળખાતો હતો તે જર્જરિત થઈ જતાં અને મહાનગરપાલિકાએ જે સંસ્થાને હોલનું સંચાલન સોંપ્યુ હતું તેણે જરૂરી મરામત પણ નહીં કરાવતા આખરે

મહાનગરપાલિકાએ મણિયાર હોલ બંધ કરીને તેનું નવનિર્માણ શરૂ કર્યું હતું. દોઢ કરોડ ઉપરાંતના ખર્ચે શરૂ કરાયેલું નવ નિર્માણ દોઢ વર્ષના લાંબા ગાળા પછી પુરૂં થઈ ગયું છે. અને ૨૦૨૬ના પ્રારંભમાં તેનું લોકાર્પણ કરવામાં આવશે. મહાનગરપાલિકા

દ્વારા અરવિંદભાઈ મણિયાર હોલને અત્યાધુનિક બનાવવામાં આવ્યો છે. અરવિંદભાઈ મણિયાર હોલ સેન્ટ્રલી એરકન્ડિશન બનાવવામાં આવ્યો છે. આવી જ રીતે અગાઉની ૬૦૩ સાદી ખુરશીઓ હતી તે દુર કરીને તેના સ્થાને ૫૧૯ પુશબેક ખુરશીઓ મુકવામાં આવી છે. જ્યારે સાઇડની દિવાલોમાં એકોસ્ટીક પેનલીંગનું કામ કરવામા આવ્યું છે. આ કારણે બહારનું ધ્વની પ્રદુષણ હોલમાં આવશે નહીં અને હોલમાં થનારા કાર્યક્રમો દરમિયાન થનાર ધ્વની પ્રદુષણ બહાર જશે નહીં. મેઈન સ્ટેજમાં નવું વુડન ફ્લોરીંગ કરવામાં આવ્યું છે. જ્યારે હોલમાં



જુનો અને સાદો પડદો હતો તે પણ દુર કરીને

મિકેનિકલી ઓપરેટેડ ઓટોમેટિક પડદો મુકવામાં આવ્યો છે. આવી જ રીતે જનરેટર સેટની સાથોસાથ અદ્યતન લાઇટીંગ સુવિધા ઉભી કરવામાં આવી છે. મહાનગરપાલિકા દ્વારા ગ્રીનરૂમ અને ટોઇલેટનું પણ રિનોવેશન કરવામાં આવ્યું છે. આવી જ રીતે હોલમાં પ્રવેશતા પહેલા રજવાડી એન્ટ્રી ગેઇટ પણ લોકોનું આકર્ષણ બનશે. અરવિંદભાઇ મણિયાર હોલ અગાઉની જેમ જ શિફ્ટ દીઠ રૂ.૨૫૦૦ના ભાડે આપવાને બદલે ભાડાં વધારો કરવામાં આવે તેવી શક્યતા છે. ઉલ્લેખનીય છે કે મહાનગરપાલિકાના અન્ય સ્થળોએ આવેલા ઓડિટોરિયમ જેવી જ સગવડતા હોવા છતાં મણિયાર હોલનુ ભાડું ઓછું છે.

આ નવ નિર્મિત હોલનું ભાડું શિફ્ટ દીઠ વધારવાની દરખાસ્ત પણ સ્ટેન્ડિંગમાં કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, મહાનગરપાલિકાએ અરવિંદભાઈ મણિયાર હોલ જાણીતી સેવાભાવી સંસ્થાને સંચાલન માટે સોંપ્યો હતો. પણ તેણે મહાનગરપાલિકાને ભાડાંની આવક આપી નથી કે ક્યારેય પણ રિનોવેશન કરાવ્યું નથી.

મહાનગરપાલિકાના અન્ય ઓડિટોરિયમ અને કોમ્યુનિટી હોલનું સંચાલન સંસ્થાઓને સોંપાયું છે તેઓ મહાનગરપાલિકાને ભાડાની આવક આપે છે. જ્યારે મહાનગરપાલિકા સંસ્થાઓને નિભાવણી ખર્ચ સહિત દર મહિને રૂ.૧૦ હજારથી ૨૦ હજાર સુધીની મેઈટેનન્સ ગ્રાન્ટ આપે છે. પણ મણિયાર હોલનુ સંચાલન કરતી આ કહેવાતી સેવાભાવી સંસ્થાએ મહાનગરપાલિકાને ન તો ભાડું આપ્યું છે કે ન તો રિનોવેશન કરાવ્યું છે.

મહાનગરપાલિકાએ દોઢ વર્ષ પહેલા અરવિંદભાઈ મણિયાર હોલનુ નવનિર્માણ કરવા ટેન્ડર બહાર પાડયા હતા. અને અંદાજે રૂ. દોઢ કરોડના ખર્ચે આ કોમ્યુનિટી હોલનું નવનિર્માણ કર્યું છે. ત્યારે હવે મણિયાર હોલના સંચાલન માટે સંસ્થાઓ પાસેથી અરજી મંગાવવામાં આવશે.

# દિલ્હીમાં વોટ ચોરી અંગે મહારેલી

## રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ સહિત આગેવાનો સહી ઝુંબેશના ફોર્મ લઈ પહોંચ્યા દિલ્હી

રાજકોટ, તા. ૧૩

દેશભરના બાર રાજ્યોમાં મતદાર સુધારણા અભિયાન ચાલી રહ્યું છે સામે સંસદનું શિયાળુ સત્ર પણ ચાલુ છે તે દરમિયાન કોંગ્રેસ પક્ષ દ્વારા વોટ ચોરી અંગે સરકારને ઘેરવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે પરંતુ આ કાર્યમાં તેઓ કેટલા સફળ થશે તે જોવાનું રહ્યું ત્યારે આજે દિલ્હી ખાતે રામલીલા મેદાનથી બપોરે ૧:૦૦ વાગ્યે વિશાળ મહારેલી નું આયોજન કરવામાં આવ્યું છે જેમાં સમગ્ર દેશભરમાં કોંગ્રેસ દ્વારા જે સહી ઝુંબેશ હાથ ધરાવવામાં આવી હતી તેમાં એકત્રિત થયેલી સહીના ફોર્મ ભરેલીમાં રજુ થશે ત્યારે રાજકોટ શહેર અને જિલ્લામાં જે સહી ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી તે તમામ હસ્તાક્ષરના કાગળ દિલ્હી ખાતે પહોંચ્યા છે. મળતી માહિતી મુજબ આ મહારેલીમાં રાજકોટ શહેર કોંગ્રેસના પ્રમુખ રાજદિપસિંહ જાડેજા સહિત અન્ય આગેવાનો પણ આ મહારેલીમાં જોડાશે તેવું જાણવા મળ્યું છે.



રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજા દેશના લોકશાહી મૂલ્યો બંધારણીય હક અને જનમતના સન્માન માટે વોટ ચોર ગાદી છોડના નારા સાથે એક વિશાળ અને ઐતિહાસિક મહારેલી આજે તારીખ ૧૪ ડિસેમ્બર ના દિલ્હીમાં બપોરના એક કલાકે રામલીલા મેદાન ખાતેથી યોજવામાં આવી છે.

ભારતનું ચૂંટણી પંચ સાથેની શાસકોની મીલીભગત દ્વારા ચૂંટણીની લોકતાંત્રિક પ્રક્રિયાઓમાં હેરાફેરી કરીને આપણી મહામૂલી લોકશાહીને ખતમ કરી રહ્યું છે જે વોટ ચોરી મતદારોનું દમન ચૂંટણીના ડેટાની હેરાફેરી જેવા કિસ્સાઓ દેશભરમાં મળી રહ્યા છે. જઈછ ની પ્રક્રિયાથી ભાજપનો ભાંડાફોડ થયો છે અનેક નામો બેવડાયા છે. લોકતાંત્રિક પ્રક્રિયા મજબૂત બનાવવા માટે કોંગ્રેસ પક્ષ દ્વારા સડક થી લઈને સંસદ સુધી અવાજ ઉઠાવવામાં આવી રહ્યો છે.

અખિલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ ના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેજી ભારતની લોકશાહીના વિરોધ પક્ષના નેતા જનનાયક રાહુલ ગાંધી, સંસદ પ્રિયંકા ગાંધી રાષ્ટ્રીય સ્તરના કોંગ્રેસના નેતાઓના માર્ગદર્શન હેઠળ સમગ્ર ગુજરાતમાંથી વોટ ચોર ગાદી છોડના નારા સાથે શહેર અને જિલ્લામાં થી જે કાંઈ સહી ઝુંબેશ કરવામાં આવી હતી તે એકત્ર કરાયેલ લાખો સહીઓ સાથે ના કાગળો મહારેલીમાં જમા કરાવવામાં આવશે. જે પગલે દિલ્હી ખાતેની રામલીલા મેદાનની જનસભા અને રેલી સંદર્ભે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજાની રાહબરી હેઠળ રાજકોટ શહેર કોંગ્રેસના આગેવાનો નીતિનભાઈ ભંડેરી, સેવાદળના ચિંતનભાઈ દવે પ્રશાંતભાઈ પંડ્યા, જીગ્નેશભાઈ મહેતા દિલ્હી ખાતે રામલીલા મેદાને જંગી સભા અને જંગી મહારેલીમાં રાજકોટ થી રવાના થયા છે.

# લોક અદાલતમાં ૩૯,૦૦૦ કેસો લેવાયા

## ૫૦ ટકા કેસમાં સમાધાનની અપેક્ષા : કોર્ટનું ભારણ ઘટાડવા મથામણ




રાજકોટ, તા. ૧૩

સમયાંતરે રાજ્યભરમાં લોક અદાલતનું આયોજન થતું હોય છે જેમાં એક સાથે અનેકવિધ કેસો હાથ ઉપર લેવાતા હોય છે અને મહદ કેસમાં સમાધાન થઈ જતું હોય છે ત્યારે રાજકોટ જિલ્લાની કોર્ટમાં મેગા લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૩૯,૦૦૦ કેસ હાથ પર લેવાયા હતા. માત્ર રાજકોટ જ નહીં પરંતુ સમગ્ર રાષ્ટ્રમાં મેગા લોક અદાલત યોજાઈ હતી. ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદના ઉપક્રમે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, રાજકોટ દ્વારા પણ ડિસ્ટ્રીક્ટ જજ અને ચેરમેન જે. આર શાહના માર્ગદર્શન તથા સબળ નેતૃત્વ હેઠળ રાજકોટ જિલ્લાની તમામ અદાલતોમાં મેગા લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ હતું.

આ લોક અદાલતનું ઉદઘાટન ડિસ્ટ્રિક્ટ જજ જે. આર. શાહ દ્વારા દિપ પ્રાગટય કરી કરવામાં આવેલ. ઉદ્દઘાટન પ્રસંગે રાજકોટ હેડકવાર્ટરના તમામ ન્યાયાધીશો, બાર એસોસીએશનના પ્રતિનિધિઓ, જુદી જુદી વિમા કંપનીના ઓફીસરો, વકીલો, પી.જી.વી.સી.એલ., વિવિધ બેંક, વીમા કંપનીના અધિકારીઓ તેમજ પક્ષકારો ઉપસ્થિત રહેલ હતા.

આ પ્રસંગે રાજકોટ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, રાજકોટના પુર્ણકાલીન સચિવ એચ. વી. જોટાણીયાએ લોક અદાલતથી પક્ષકારોને થતા લાભ તથા કોર્ટનું ભારણ ઘટાડવામાં લોક અદાલત કઈ રીતે મદદરૂપ થાય છે તે અંગે તથા લોક અદાલતમાં કયા કયા પ્રકારના કેટલા કેસો મુકવામાં આવેલ છે અને અંદાજે કેટલા કેસોમાં સફળ સમાધાન શકય બનશે તે અંગે માહીતી આપેલ હતી. વધુમાં મુખ્ય જીલ્લા ન્યાયાધીશ જે. આર. શાહએ લોક અદાલતની સફળતા માટે શુભેચ્છા પાઠવેલી અને જણાવેલ કે સમાધાનથી કેસ ફેસલ થાય તો પક્ષકારો વચ્ચે સુમેળભર્યા સંબંધો જળવાઈ રહે છે.

તેને ધ્યાનમાં રાખી વધુમાં વધુ કેસો સમાધાનથી ફેંસલ થાય તેવી અપેક્ષા છે. આ લોક અદાલત અગાઉ લગભગ છેલ્લા બે મહીનાથી જુદી જુદી વિમા કંપની, ફાયનાન્સ કંપની, પોલીસ અધિકારીઓ વિગેરે સાથે જુદી જુદી મીટીંગો યોજી લોક અદાલત પહેલા પ્રિ-સીટીંગનું આયોજન કરી આજના દિવસે વધુમાં વધુ કેસો સમાધાન રાહે નિકાલ થાય તેવા પ્રયત્નો હાથ ધરવામાં આવેલ. આજના દિવસે જુદી જુદી કેટેગરીના ૩૯૦૦૦ પેન્ડીંગ કેસો હાથ પર લેવામાં આવનાર છે. જેમાંથી ૬૦ ટકાથી પણ વધુની સંખ્યામાં સમાધાનથી કેસોનો નિકાલ થાય તેવી આશા છે. મળતી માહિતી મુજબ હાલ રાજકોટ સહિત સમગ્ર રાજ્યમાં કેસોનો ભરાવો વ્યાપક પ્રમાણમાં જોવા મળી રહ્યો છે ત્યારે તેનો તાકીદે નિકાલ કરવો અને મહદ કેસોમાં સમાધાન થાય તે દિશામાં હાઈ કોર્ટ કાર્યવાહી કરી રહી છે ત્યારે રાજકોટ ખાતે આયોજિત મેઘાલ લોક અદાલતમાં અડધો અડધ કહેશોમાં સમાધાન થવાની શક્યતા સેવાઈ રહી છે. બીજી તરફ એ વાત ઉપર પણ હાલ ચર્ચા એ જોડ પકડ્યું છે કે મહદ કહેશો ક્લિયર થતા કોડ પરનો જે ભારણ છે તે પણ ઘટે.

# હોકી ચેમ્પિયનશિપનો આજે ફાઈનલ

## પુરુષમાં પંજાબ અને ITBP વચ્ચે ફાઈનલનો ખરાખરીનો જંગ જ્યારે મહિલાઓમાં CRPF અને SSB વચ્ચે અંતિમ જંગ જામશે

રાજકોટ, તા. ૧૩

રાજકોટમાં ઓલ ઇન્ડિયા પોલીસ હોકી ચેમ્પિયન યોજાયેલી છે અને આજે પુરુષ અને મહિલાઓ વચ્ચેનો ફાઇનલ મેચ રંગે ચંગે રમાડવામાં આવશે. મળતી માહિતી મુજબ ગઈકાલે મેન્સ વિભાગના બે સેમિફાઇનલ મેચ રમાયા હતા જેમાં સવારે પ્રથમ મેચમાં ગત વર્ષની ચેમ્પિયન ટીમ પંજાબ પોલીસ અને બીએસએફ વચ્ચે મેચ રમાયો હતો જેમાં પંજાબની ટીમે બીએસએફને હરાવી ફાઇનલમાં પોતાનું સ્થાન સુનિશ્ચિત કર્યું હતું. જ્યારે બીજો સેમિફાઇનલ રનર ઓફ ટીમ ગત વર્ષની જે ઇન્ડો તિબેટ બોર્ડર પોલીસ ફોર્સ હતી સામે ઉત્તર પ્રદેશ પોલીસ વચ્ચે મેચ રમાયો હતો જેમાં ઈન્ડો તિબેટીયન બોર્ડર પોલીસે મેચ જીતી ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. ગઈકાલે રમાયેલો બીજો સમય ફાઈનલ મેચ અત્યંત રોમાંચક નિવડ્યો હતો જેમાં ITBP અને લલિત ઉપાધ્યાય સાથેની



ઉત્તર પ્રદેશ પોલીસની ટીમ વચ્ચે મેચ રમાયો હતો. યુ.પી.ની ટીમે પહેલા જ હાફમાં ગોલ ફટકારી બઢત મેળવી હતી. યુ.પી.એ બઢત મેળવતા જ આઈ ટી બી પી ટીમના ખેલાડીઓએ આક્રમકતા બતાવી રમતને ઝડપી બનાવી હતી. જો કે ત્રણ હાફ સુધી બંને ટીમના ખેલાડીઓ ગોલ કરવામાં સફળ થયા ન હતા.

ત્યારે ચોથા હાફની શરૂઆતમાં આઇ ટીબીપી ટીમે શોર્ટ કોર્નર મેળવી હતી. જે શોર્ટ કોર્નરને ગોલમાં પરિવર્તિત કરી ગોલની બરાબરી કરી હતી.૧-૧ ગોલ થતા જ બંને ટીમ ફાઈનલમાં પહોંચવા માટે ઝડપી રમત શરૂ કરી હતી. જો કે, બંને ટીમ લીડ ગોલ કરવામાં અસફળ રહી હતી.૧-૧થી મેચનો સમય પુરો થતા પેનલ્ટી શૂટઆઉટ પર રમત પહોંચી હતી.

બંને ટીમના ૫-૫ ખેલાડીઓએ ગોલની બરાબરી કરી હતી.બાદમાં સડન ડેથ ગોલમાં ITBP એ મેદાન મારી રોમાંચક રીતે ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. ગત વર્ષની ચેમ્પિયન પંજાબ અને સેકન્ડ રનર અપ ITBP વચ્ચે ફાઈનલ જંગ રમાશે. મહિલા વિભાગમાં ત્રીજા સ્થાન વચ્ચે ઓરિસ્સા પોલીસ અને ઉત્તર પ્રદેશ પોલીસની ટીમ વચ્ચે મેચ રમાશે. ત્યાર બાદ CRPF અને SSB વચ્ચે ફાઈનલ મેચ રમાશે. છેલ્લા ઘણા સમયથી રાજકોટ પોલીસ દ્વારા હાલ જે કાર્યક્રમ એટલે કે ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે તેમાં ખેલાડીઓને કોઈપણ પ્રકારની હેરાનગતિનો સામનો ન કરવો પડે તે દિશામાં તમામ તૈયારીઓ હાથ ધરવામાં આવી હતી ત્યારે ફાઇનલ મેચ પણ અત્યંત રોમાંચક બની રહે તે દિશામાં હાલ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

# સંદીપ વેકરીયા બારની ચૂંટણી લડી શકશે

## હાઈકોર્ટના સિંગલ જજની બેંચે આપેલ હુકમ ડિવિઝન બેંચમાં પડકારાયો, ચૂંટણી પછીની મુદ્દત પડી

રાજકોટ, તા. ૧૩

બાર એસોસિએશનની ચૂંટણીને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે રાજકોટ બાર એસોના સેક્રેટરી એડવોકેટ સંદીપ વેકરીયા નું સભ્યપદ રદ કરવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો જે ઠરાવને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતે રદ કર્યો છે જે હુકમ સામે ૧૨ કાઉન્સિલ ઓફ ઇન્ડિયા એસ્તે આપતા કાનૂની જંગના એંધાણ જોવા મળી રહ્યા છે. બાર એસોસિએશનની ચૂંટણીમાં સમરસ પેનલમાંથી જોઈન સેક્રેટરી પડે સંદીપ વેકરીયા ઉમેદવારી નોંધાવી છે ત્યારે ૧૨ કાઉન્સિલ ઓફ ઇન્ડિયા સ્ટે આપતા હવે તેની અસર બાર એસોસિએશનની ચૂંટણી ઉપર પણ પડશે તેવી ચર્ચાએ જોર પકડ્યું હતું. પરંતુ સંદીપ વેકરીયા ના સસ્પેન્શન અંગે હાઇકોર્ટના સિંગલ જજની બેંચે આપેલા હુકમ ડિવિઝન બેંચમાં પડકારાયો હતો જોકે તે માટે ચૂંટણી પછીની મુદત પડી છે માટે એ વાત સ્પષ્ટ થઈ ચૂકી છે કે હવે ચાલુ વર્ષે ચૂંટણી સંદીપ વેકરીયા લડી શકશે. જે અંતર્ગત તે તરફેણમાં ૧૨ કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા હુકમ પણ કરવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ હાઇકોર્ટના સિંગલ જજની બેંચે આપેલ હુકમ ડિવિઝન બેંચમાં પડકારાયો હતો, જોકે ચૂંટણી પછીની મુદ્દત પડી છે. રાજકોટ બારના તત્કાલિન સેક્રેટરી



સંદીપ વેકરીયાને રાજકોટ બાર દ્વારા સસ્પેન્ડ કરાતા તેઓએ બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં સસ્પેન્શન સામે અરજી કરી સસ્પેન્શન રદ કરવા તથા પોતે ચાલુ વર્ષે ચુંટણી લડી શકે તેવી અરજી કરી દાદ માંગેલ.

જેથી બાર કાઉન્સીલ ઓફ ગુજરાત દ્વારા તેઓની તરફેણમાં ચુંટણી લડી શકે તેવો હુકમ કરેલ. જેની સામે રાજકોટ બાર દ્વારા બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના હુકમ સામે બાર કાઉન્સીલ ઓફ ઈન્ડીયામાંથી સ્ટે મેળવેલ. જેની સામે સંદીપ વેકરીયાએ ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન ફાઈલ કરી હતી અને બાર કાઉન્સીલ ઓફ ઈન્ડીયાના હુકમ સામે સ્ટે મેળવેલ હતો અને પોતે ઉમેદવારી કરી શકે તેવુ પ્રસ્થાપીત કર્યું હતું.

સંદીપ વેકરીયાની તરફેણમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા હુકમ કરવામાં આવતા રાજકોટ બાર દ્વારા ગુજરાત હાઈકોર્ટની ડીવીઝન બેંચમાં પીટીશન ફાઈલ કરેલ, અને ગુજરાત હાઈકોર્ટના સીંગલ જજ દ્વારા જે હુકમ કરેલ છે, જે હુકમ સ્ટે કરવા સહિતની બાબતે અરજી કરેલ હતી. જેમાં સુનાવણી વખતે ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ ડીવીઝન બેંચ દ્વારા એડમીશનના સ્ટેજે રાજકોટ બાર એસોશીએશનની તરફેણમાં કોઈ જ સ્ટે આપ્યા વગર ત્રણ અઠવાડીયાની મુદત નાખી વધુ સુનાવણી માટે કામ મુલ્તવી કરી દીધેલ હતું. જેથી સંદીપ વેકરીયાને ચુંટણી લડવામાં કોઈ અવરોધ નહીં રહે તેવું માનવામાં આવી રહ્યું છે.

# અણઘડ નીતિના કારણે સસ્તા અનાજના દુકાનદારો ત્રાહિમામ

## પરિપત્રમાં થતા સતત બદલાવના પગલે વ્યવસ્થા ખોળવાય : પહેલા જથ્થો દુકાન સુધી પહોંચતો હવે દુકાનદારોએ ગોડાઉન સુધી ખાવા પડે છે ધક્કા

રાજકોટ, તા. ૧૩

પેલા ઘણા સમયથી પુરવઠા વિભાગની કામગીરી અંગે ઘણા ખરા પ્રશ્નો અને ફરિયાદો ઊભી થઈ રહી છે ત્યારે સસ્તા અનાજના વેપારીઓ દ્વારા પુરવઠા નિગમના અણઘડ વહીવટથી જાણે તેઓ થાકી ગયા હોય તેવું ચિત્ર ઊભું થયું છે માત્ર રાજકોટ જિલ્લા જ નહીં પરંતુ રાજ્યના ૧૭ હજાર સસ્તા અનાજના દુકાનદારો હાલ સરકારના પરિપત્રથી હેરાન પરેશાન થઈ ચૂક્યા છે. હાલ ફરિયાદો ઉઠી રહી છે કે જ્યારે હડતાલના મંડાણ કર્યા હતા ત્યારે ટોચના અધિકારીઓ દ્વારા વેપારીઓને અગવડતા ન પડે તે મુજબના વાયદાઓ કરવામાં આવ્યા હતા પરંતુ તે દિશામાં કરેલા પરિપત્રોને હાલ ઉલટાવી દેવામાં આવ્યા છે પરિણામ સ્વરૂપે વેપારીઓ સંપૂર્ણપણે હેરાન પરેશાન થઈ ચૂક્યા છે. એટલું જ નહીં પરિણામ સ્વરૂપે લાભાર્થીઓને પણ ઘણી તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે આ અણઘડ નીતિ સામે સુ યોગ્ય પગલાં લેવામાં આવશે તે હવે જોવાનું રહ્યું.

મળતી માહિતી મુજબ ગુજરાત રાજ્યના સસ્તા અનાજના દુકાનદારો પોતાની પડતર માંગણીઓ ન સંતોષા હતા રાજ્ય સરકાર સામે આંદોલન કરવાનો નિર્ણય લીધો હતો જેમાં વ્યાજબી ભાવની દુકાનના સંચાલકો તબક્કા વાર મંત્રીઓને પણ મળ્યા હતા આ બંને એસોસિએશનની પુરવઠા વિભાગના સેક્રેટરી નિયામક સંયુક્ત સાથે વાતચીત પણ કરી હતી પરંતુ જે યોગ્ય ઉકેલ આવવો જોઈએ તે આવી શક્યો ન હતો. ઊલટું જે પરિપત્ર કરવામાં આવ્યો તે પણ દુકાનદારોના હિતમાં ન હોવાનો જાણવા મળ્યો ત્યારે તેને તાકીદે રદ કરવા ની માંગણી કરવામાં આવી હતી પરંતુ સરકારે તેમાં એક પણ એવા સુધારા કર્યા ન હતા જેનાથી વેપારીઓને ફાયદો પહોંચે. હાલની સાંપ્રત પરિસ્થિતિમાં પણ જે સ્થિતિ ઊભી થઈ છે તે



વેપારીઓના હિતમાં સહેજ પણ નથી. બીજી સૌથી મોટી વાત તો એ છે કે હાલ સરકાર તરફથી સસ્તા અને આજના દુકાનદારોને જે અનાજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે તેમાં પૂરતો વજન ન હોવાની પણ અનેક વ્યાપક ફરિયાદો ઉઠી છે ત્યારે નવેમ્બર માસનો જે જથ્થો આપવામાં આવ્યો હતો તે પણ યોગ્ય રીતે મળ્યો નથી અને લાભાર્થીઓ પણ હેરાન પરેશાન થઈ ચૂક્યા છે. હાલ સસ્તા ના આજના દુકાનદારો દ્વારા એ વાત ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે કે જે પરિપત્ર સરકાર દ્વારા કરવામાં આવ્યો હતો તેમાં કેમ ફેરબદલ કરવામાં આવ્યો અને એવું તો શું કારણ કે પરિપત્ર જ બદલી નાખ્યો.

અત્યાર સુધી રાજ્ય સરકાર દ્વારા જે વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી તેમાં સસ્તા અનાજના દુકાનદારોને ત્યાં અનાજનો જથ્થો પહોંચી જતો હતો પરંતુ તે વ્યવસ્થાના બદલે હવે દુકાનદાર હોય ગોડાઉન સુધી જવું પડે છે અને જથ્થો લેવો પડે છે આ નિર્ણયમાં પણ જે બદલાવ લાવવામાં આવ્યો તે પણ ઘણાખરા અંશે ચોકાવનારો છે. સરકાર દ્વારા જે પરિપત્ર કરવામાં આવ્યો તેમાં એ વાતનો ઉલ્લેખ કરાયો કે જે વ્યાજબી ભાવના દુકાનદાર નો જથ્થો ગોડાઉન ખાતેથી રવાના થવાનો હોય એ પહેલા એ દુકાનદારભાઈ ને જથ્થો ફાળવવાનો થતો હોય એ અગાઉ ફોન કોલ કરીને જણાવવામાં આવશે કે તેઓની દુકાને કઈ તારીખ અને ક્યાં સમયે જથ્થો મોકલવામાં આવશે ત્યારબાદ કલમ નંબર ત્રણ મા જણાવવામાં આવ્યા મુજબ વેપારીઓને ગોડાઉન ખાતે હાજર રહી જથ્થાની ગુણવત્તા તથા જથ્થાનું વજન ચેક કરવાનું રહેશે ત્યારબાદ આ વજન થયેલો જથ્થો ડોર સ્ટેપ ડિલિવરી કોન્ટ્રાક્ટરના વાહનમાં લોડ કરવામાં આવશે.

હાલ આ પ્રકારની તમામ જોગવાઈઓના કારણે ઘણા ખરા અન્ય પ્રશ્નો સસ્તા અનાજના દુકાનદારો સમક્ષ ઉભા થઈ ચૂક્યા છે અને સામે લાભાર્થીઓને પણ ઘણી હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે. આગામી સમયમાં આ અંગે યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં આવે તેવી સસ્તા ના દુકાનદારો તથા તેમના સંગઠન દ્વારા સરકારને રજૂઆત કરવામાં આવી છે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# લોકો કરે સેવા તંત્ર કરે મોજ

## સફાઈ પણ લોકોએ આદરી તંત્ર વધારે રીઢું બનશે



રાજકોટને ક્લિન બનાવવાનું અભિયાન લોકોએ એટલે કે એક સેવા સંસ્થાએ આદર્યું છે. આ બાબત તંત્ર માટે શરમજનક ગણાય,પણ તંત્ર સંસ્થાને શાબાશી આપી રહ્યું છે! રાજકોટની સડકો પર નવો નજારો જોવા મળી રહ્યો છે. 'ક્લિનઅપ' જેવી સંસ્થાઓના ૫૦૦ જેટલા નિઃસ્વાર્થ કાર્યકરો ગંદકીના ગંજ સાફ કરે છે. આ દ્રશ્ય જોઈને જેટલો ગર્વ આ યુવાનો પર થાય છે, એટલી જ નફરત શહેરના તંત્ર પર ઉપજે છે. રાજકોટના આ ૫૦૦ કર્મવીરોની સેવા ખરેખર વંદનીય છે. રવિવાર હોય કે રજાનો દિવસ, તેઓ શહેરને સુંદર બનાવવા લોહી-પાણી એક કરે છે.

મોટો સવાલ એ છે કે, જે કામ માટે પ્રજા ટેક્સ ભરે છે, તે કામ પ્રજાએ જ કેમ કરવું પડે છે? લોકો પરસેવો પાડે છે અને એસી ચેમ્બરમાં બેઠેલું તંત્ર માત્ર મોજ કરે છે. આ દ્રશ્ય સેવાના ઓઠા હેઠળ તંત્રની ઘોર નિષ્ફળતાનું વરવું પ્રદર્શન છે.

શહેરની સફાઈ પણ લોકોએ શરુ કરી છે તેથી તંત્ર વધારે રીઢું બનશે. જ્યારે સમાજ જાગૃત થઈને જવાબદારી ઉપાડે છે ત્યારે આળસુ તંત્રને વધુ 'બહાનું' મળી જાય છે. રાજકોટમાં લોકોએ સફાઈ શરૂ કરી એ તંત્ર માટે શરમની વાત હોવી જોઈએ, પણ અહીં તો ઉલટું જ ગંગા વહે છે. શાસકો અને અધિકારીઓ આ સેવાભાવી સંસ્થાઓના કાર્યક્રમોમાં હાજરી આપી, તેમને બિરદાવીને પોતાની 'નાલાયકી' છુપાવે છે. તંત્રને શરમ આવવી જોઈએ કે જે કચરો હટાવવા માટે કરોડોનું બજેટ ફાળવાય છે, તે કચરો સામાન્ય નાગરિકોએ હટાવવો પડે છે. પ્રશંસાના પુષ્પો વેરવા એ તંત્રની ચાલબાજી છે. તેઓ જાણે છે કે જો લોકો જ સફાઈ કરી લેશે, તો આપણે કામ કરવાની જરૂર શું?

આ પ્રશંસા ખરેખર તો જવાબદારીમાંથી છટકવાની ગલી છે. તંત્ર હવે વધારે 'રીઢું' અને બેજવાબદાર બનશે. તેને ખાતરી થઈ ગઈ છે કે લોકો ગંદકી નહીં સહન કરે અને પોતે જ સાફ કરી નાખશે. પરિણામે, કાગળ પર સફાઈના ખર્ચ ઉધારાતા રહેશે અને જમીન પર જનતા ઝાડુ મારતી રહેશે. શાસકોની આ માનસિકતા લોકશાહી માટે જોખમી છે.

હવે સમય પાકી ગયો છે કે જનતા માત્ર ઝાડુ પકડીને સંતોષ ન માને. લોકોએ મેદાનમાં આવીને તંત્ર અને શાસકોની શાન ઠેકાણે લાવવી પડશે. સફાઈ કરવી એ તંત્રનો ધર્મ છે, પણ ગંદકી સાફ ન કરવી એ તંત્રનો ગુનો છે. જો લોકો સફાઈની સાથે શાસકોને સવાલ પૂછવાનું અને તેમને કામ કરવાની ફરજ પાડવાનું શરૂ નહીં કરે, તો આ શહેર માત્ર સ્વયંસેવકોના ભરોસે જ રહી જશે. તંત્રની આળસ ખંખેરવા માટે લોકોએ હવે સત્તાના સિંહાસનોને હચમચાવવાની જરૂર છે. માત્ર રસ્તા સાફ કરવાથી નહીં ચાલે, વ્યવસ્થા સાફ કરવા માટે પણ લોકોએ સંગઠિત થવું જ પડશે.

# કોલકાતામાં ફૂટબોલર મેસ્સીના કોન્સર્ટ દરમિયાન અંધાધૂંધી

## મુખ્ય આયોજક સતાદ્રુ દત્તાની એરપોર્ટ પર ધરપકડ : દર્શકોના ટિકિટના પૈસા અપાશે પરત



નવીદિલ્હી, તા. ૧૩

શનિવારે કોલકાતાના સોલ્ટ લેક સ્ટેડિયમમાં પ્રખ્યાત ફૂટબોલર લિયોનેલ મેસ્સીના કોન્સર્ટ દરમિયાન થયેલી અંધાધૂંધી અંગે પોલીસે કાર્યવાહી કરી છે. મુખ્ય આયોજક સતાદ્રુ દત્તાની એરપોર્ટ પર ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ મહાનિર્દેશક (DGP) રાજીવ કુમારે જવાબદારો સામે કાનૂની કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે દર્શકોના ટિકિટના પૈસા પરત કરવામાં આવે. DGP રાજીવ કુમારે જણાવ્યું હતું કે, ''ચાહકોમાં થોડો ગુસ્સો અથવા અસ્વસ્થતા હતી, જેઓ કહી રહ્યા હતા કે તે રમી રહ્યો નથી.'' તેમણે ઉમેર્યું હતું કે યોજના એવી હતી કે તેઓ આવે, હાથ મિલાવે, થોડા લોકોને મળે અને પછી ચાલ્યા જાય. સરકારે પહેલાથી જ તમામ પાસાઓની તપાસ કરવા માટે એક સમિતિની રચના કરી છે, જેમાં આયોજકો તરફથી કોઈ ગેરવહીવટ થઈ છે કે કેમ તે સહિત. તેમણે જણાવ્યું હતું કે આયોજકો વેચાયેલી ટિકિટોના રિફંડ અંગે ચિંતા ધરાવતા લોકોને પત્ર લખી રહ્યા છે. પરિસ્થિતિ હવે નિયંત્રણમાં છે. તેમણે ઉમેર્યું હતું કે, ''અમે ખાતરી કરવા માટે કાર્યવાહી કરી રહ્યા છીએ કે આ ગેરવહીવટ સજા વગર ન રહે.'' દરમિયાન, મેસ્સીના કોલકાતા કાર્યક્રમમાં થયેલી અંધાધૂંધી અંગે, એડિશનલ ડાયરેક્ટર જનરલ (એડીજી) કાયદો અને વ્યવસ્થા જાવેદ શમીમે કહ્યું, ''શાંતિ તાત્કાલિક પુનઃસ્થાપિત થવી જોઈએ. તેનું ધ્યાન રાખવામાં આવ્યું છે. ટ્રાફિક સામાન્ય છે. બધા ઘરે પાછા ફર્યા છે.'' તેમણે ઉમેર્યું કે આ ઘટના સોલ્ટ લેક સ્ટેડિયમ સુધી મર્યાદિત હતી. ''આ એક મોટી ઘટના છે. અમે કામ પર છીએ અને ખાતરી કરીશું કે આજે સોલ્ટ લેક સ્ટેડિયમમાં જે બન્યું તેના માટે જે કોઈ જવાબદાર છે તેને સજા કરવામાં આવે અને સંબંધિત અધિકારીઓ સામે જરૂરી તમામ પગલાં લેવામાં આવે.'' તેમણે ઉમેર્યું કે હવે બધું સામાન્ય છે. બીજો ભાગ તપાસનો છે; એફઆઈઆર દાખલ કરવામાં આવી છે, અને મુખ્ય આયોજકની ધરપકડ કરવામાં આવી છે. હું તમને કહી રહ્યો છું કે, તેઓ (આયોજકો) ચાહકોને ટિકિટ ફી પરત કરવાનું વચન આપી રહ્યા છે. આપણે જોઈશું કે તે કેવી રીતે થઈ શકે.

મુખ્યમંત્રી મમતા બેનર્જી પણ તે દિવસે સોલ્ટ લેક સ્ટેડિયમની મુલાકાત લેવાના હતા. તેમણે ફૂટબોલ સ્ટાર મેસ્સીને મળવાનું આયોજન કર્યું હતું, પરંતુ અંધાધૂંધી તેમને તેમ કરી શકી નહીં. આ કારણે, તેઓએ સ્ટેડિયમ પહોંચતા પહેલા જ પોતાનો કાર્યક્રમ છોડી દીધો. મમતા બેનર્જી અધવચ્ચે જ પાછા હટી ગયા. તેમણે પહેલાથી જ તપાસનો આદેશ આપી દીધો છે. તેમણે કહ્યું કે આ મામલે દોષિતો સામે કાર્યવાહી કરવામાં આવશે. તેમણે ઘટના માટે માફી પણ માંગી.

# વિદેશમાં સ્થાયી થનારા ભારતીયોની સંખ્યા વધી

## દર વર્ષે ૨૦૦,૦૦૦ લોકો ભારતીય નાગરિકતાનો કરે છે ત્યાગ




નવીદિલ્હી, તા. ૧૩

દર વર્ષે વિદેશમાં સ્થાયી થનારા ભારતીયોની સંખ્યા વધી રહી છે. દર વર્ષે ૨૦૦,૦૦૦ લોકો વિદેશમાં સ્થાયી થઈ રહ્યા છે અને ભારતીય નાગરિકતાનો ત્યાગ કરી રહ્યા છે. છેલ્લા પાંચ વર્ષના ડેટા પર નજર કરીએ તો, ૯૦૦,૦૦૦ ભારતીયોએ તેમની નાગરિકતાનો ત્યાગ કર્યો છે. નાગરિકતાનો ત્યાગ કરવાના મુખ્ય કારણોમાં જીવનની ગુણવત્તા, નોકરીઓ અને વિદેશમાં શિક્ષણની સારી તકો હોવાનું જોવા મળે છે. વિદેશ રાજ્ય મંત્રી કીર્તિ વર્ધન સિંહે સંસદમાં આ આંકડા અને કારણો શેર કર્યા.

તેમણે જણાવ્યું હતું કે ૨૦૧૧ થી ૨૦૨૪ ની વચ્ચે, ૨૦ લાખથી વધુ ભારતીયોએ વિદેશમાં રહેવા માટે પોતાનો દેશ છોડી દીધો હતો. ૨૦૨૧ પછી આ આંકડો નોંધપાત્ર રીતે વધ્યો. આ વર્ષે નાગરિકતાનો ત્યાગ કરનારા લોકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો. ૨૦૨૨ માં, રેકોર્ડ ૨.૨૫ લાખ લોકોએ તેમની નાગરિકતાનો ત્યાગ કર્યો. ૨૦૨૩ માં, દેશ છોડનારા લોકોની સંખ્યા ૨.૧૬ લાખ હતી. ૨૦૨૪ માટેના સત્તાવાર આંકડા હજુ સુધી જાહેર કરવામાં આવ્યા નથી. જોકે, અંદાજ મુજબ તે ફક્ત વધશે.

ઐતિહાસિક માહિતીની વાત કરીએ તો, ૨૦૧૧ માં ૧૨૨,૮૧૯ લોકોએ તેમની નાગરિકતા છોડી દીધી હતી. ૨૦૧૨ માં, આ આંકડો થોડો ઘટીને ૧૨૦,૯૨૩ પર પહોંચ્યો. ૨૦૧૩ માં, આ સંખ્યા વધીને ૧૩૧,૪૦૫ થઈ. ૨૦૧૪ માં, થોડો ઘટાડો થયો, ૧૨૯,૩૨૮ પર પહોંચ્યો. ૨૦૧૫ માં, તેમની નાગરિકતા છોડનારા લોકોની સંખ્યામાં ફરી વધારો થયો, જેમાં ૧૩૧,૪૮૯ લોકોએ દેશ છોડી દીધો.

આ ઉપરાંત, ત્રણ વર્ષમાં વિદેશી નાગરિકો સંબંધિત ૯.૪૫ લાખ ફરિયાદો નોંધાઈ. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ ફરિયાદોમાંથી મોટાભાગની ફરિયાદો ઓવરસીઝ સિટીઝનશિપ ઓફ ઈન્ડિયા કાર્ડ ધારકોને લગતી હતી. નોંધપાત્ર રીતે, ૨૦૨૪-૨૫ દરમિયાન વિદેશમાં રહેતા ભારતીયો તરફથી મળેલી ફરિયાદોની સંખ્યા અંગેના પ્રશ્નના જવાબમાં, MoS એ જણાવ્યું હતું કે MEA ને ૧૬,૧૨૭ ફરિયાદો મળી હતી. આ ફરિયાદો સરકારના ઓનલાઈન ફરિયાદ પ્લેટફોર્મ દ્વારા નોંધવામાં આવી હતી, જેમાં ૧૧,૧૯૫ કેસ હતા, અને CPGRAMS ને ૪,૯૩૨ કેસ મળ્યા હતા. સૌથી વધુ ઉપદ્રવના કેસ નોંધાવતા દેશોમાં, સાઉદી અરેબિયા ૩,૦૪૯ ફરિયાદો સાથે ટોચ પર છે, ત્યારબાદ UAE (૧,૫૮૭), મલેશિયા (૬૬૨), યુએસ (૬૨૦), ઓમાન (૬૧૩), કુવૈત (૫૪૯), કેનેડા (૩૪૫), ઓસ્ટ્રેલિયા (૩૧૮), યુકે (૨૯૯) અને કતાર (૨૮૯) છે.

### કોંગ્રેસના સાંસદ જયરામ રમેશે કહ્યું, અમારા એક નેતા પાર્ટીની ટીકા કરે છે, પરંતુ તેને ચૂપચાપ સહન કરીએ છીએ

# થરૂર-કોંગ્રેસ પાર્ટી વચ્ચે ઉભો થયો મતભેદ



નવીદિલ્હી, તા. ૧૩

રાજધાની તિરુવનંતપુરમમાં કેરળ નાગરિક ચૂંટણીમાં ભાજપની જીત વચ્ચે, સાંસદ જયરામ રમેશે તિરુવનંતપુરમથી કોંગ્રેસના સાંસદ શશી થરૂર પર આડકતરી રીતે હુમલો કર્યો છે. પાર્ટીને સૌથી જૂની અને એકમાત્ર લોકશાહી પાર્ટી ગણાવતા, કોંગ્રેસના સાંસદ જયરામ રમેશે કહ્યું, ''અમારા જાણીતા સાંસદોમાંથી એક સતત અમારા નેતાઓ અને પાર્ટીની ટીકા કરે છે, પરંતુ અમે તેને ચૂપચાપ સહન કરીએ છીએ.'' ભાજપના નેતા અને પંજાબના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અમરિંદર સિંહના નિવેદનનો જવાબ આપતા, તેમણે કહ્યું, ''કોંગ્રેસ દેશનો એકમાત્ર લોકશાહી પક્ષ છે, અને અહીં દરેકને પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવાનો અધિકાર છે. તે સમાજનું પ્રતિનિધિત્વ કરે છે, અને તેથી, તે ૧૪૦ વર્ષથી વધુ જૂનો છે.'' તેમણે કહ્યું કે પાર્ટી પાસે વાણી સ્વાતંત્ર્ય છે, તેમજ તેના પછી પણ સ્વતંત્રતા છે. તેમણે કોંગ્રેસની સરખામણી ગંગા નદી સાથે પણ કરી, કહ્યું કે મુખ્ય નદી સતત વહે છે અને તેની ઘણી ઉપનદીઓ છે.

દરમિયાન, કોંગ્રેસના સાંસદ શશી થરૂર આ દિવસોમાં કોંગ્રેસની બેઠકોમાં હાજરી આપી રહ્યા નથી. તાજેતરમાં, ઘણા પ્રસંગોએ, તેમણે પોતાના પક્ષની ટીકા કરી છે અને ભાજપની પ્રશંસા કરી છે, જેના કારણે કોંગ્રેસથી તેમના અંતર અંગે ગરમાગરમ ચર્ચા શરૂ થઈ છે. દરમિયાન, કેરળ નાગરિક ચૂંટણીઓમાં, ભાજપની આગેવાની હેઠળની ગઉઅ તિરુવનંતપુરમ કોર્પોરેશનમાં બહુમતી મેળવવાની નજીક છે, જે ૧૦૧ માંથી ૫૦ વોર્ડમાં આગળ છે, જ્યારે બહુમતીનો આંકડો ૫૧ છે. શશિ થરૂરે તિરુવનંતપુરમમાં આ પ્રભાવશાળી પ્રદર્શનને ઐતિહાસિક ગણાવ્યું. થરૂરે ડ પર લખ્યું, ''હું તિરુવનંતપુરમમાં ભાજપના ઐતિહાસિક પ્રદર્શનને પણ સ્વીકારવા માંગુ છું અને શહેર કોર્પોરેશનમાં તેમની નોંધપાત્ર જીત પર મારા નમ્ર અભિનંદન પાઠવું છું. આ એક મજબૂત પ્રદર્શન છે જે રાજધાનીના રાજકીય પરિદ્રશ્યમાં મોટો ફેરફાર દર્શાવે છે.'' તિરુવનંતપુરમમાં ભાજપની જીત અને થરૂરના અભિનંદનથી ફરી એકવાર થરૂરના રાજકીય ભવિષ્ય વિશે ચર્ચા શરૂ થઈ છે. જયરામ રમેશે આડકતરી રીતે શશિ થરૂર પર હુમલો કર્યો છે, કોંગ્રેસને એકમાત્ર લોકશાહી પક્ષ ગણાવ્યો છે. આ નિવેદનથી ફરી એકવાર થરૂરના કોંગ્રેસથી વધતા અંતર અને તેમના રાજકીય ભવિષ્ય વિશે ચર્ચા શરૂ થઈ છે.



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# બલિદાન-સમર્પણ માટે દેશ હંમેશા ઋણી

## હુમલાની વર્ષગાંઠ પર, ઉપરાષ્ટ્રપતિ, પીએમ, ગૃહમંત્રી, વિપક્ષના નેતા સહિત ઘણા નેતાઓએ શહીદોને શ્રદ્ધાંજલિ આપી



નવીદિલહી, તા. ૧૩

ભારતીય સંસદ પર થયેલા હુમલાની ગઈકાલે ૨૪મી વર્ષગાંઠ હતી. ૧૩ ડિસેમ્બર, ૨૦૦૧ ના રોજ આતંકવાદીઓએ સંસદ ભવન પર હુમલો કર્યો હતો. પરંતુ સુરક્ષા કર્મચારીઓએ પોતાની અદમ્ય હિંમત દ્વારા આતંકવાદીઓના હુમલાને નિષ્ફળ બનાવ્યો હતો. હુમલાની વર્ષગાંઠ પર, ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણન, પીએમ મોદી, ગૃહમંત્રી અમિત શાહ, વિપક્ષના નેતા રાહુલ ગાંધી, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને સોનિયા ગાંધી સહિત ઘણા નેતાઓએ શહીદોને યાદ કર્યા અને તેમને નમ્ર શ્રદ્ધાંજલિ આપી. પીએમ મોદીએ સોશિયલ મીડિયા પર લખ્યું, ''આ દિવસે, આપણો રાષ્ટ્ર ૨૦૦૧ માં આપણી સંસદ પર થયેલા ભયાનક હુમલા દરમિયાન પોતાના જીવનું બલિદાન આપનારાઓને યાદ કરે છે. ગંભીર ભયનો સામનો કરતી વખતે, તેમની હિંમત, સતર્કતા અને ફરજની અતૂટ ભાવના નોંધપાત્ર હતી. ભારત તેમના સર્વોચ્ચ બલિદાન માટે હંમેશા તેમનો આભારી રહેશે.

ગૃહમંત્રી અમિત શાહે સોશિયલ મીડિયા પર લખ્યું આજનો દિવસ આતંકવાદ સામે આપણા સુરક્ષા દળોની અદમ્ય બહાદુરી અને હિંમતને યાદ કરવાનો છે. ૨૦૦૧ માં, તેઓએ વિશ્વના સૌથી મોટા લોકશાહીના મંદિર, આપણા સંસદ ભવન પર થયેલા કાયર આતંકવાદી હુમલાને હિંમતપૂર્વક નિષ્ફળ બનાવ્યો. હું આતંકવાદીઓને યોગ્ય જવાબ આપતા શહીદ થયેલા સુરક્ષા કર્મચારીઓને સલામ કરું છું. આ રાષ્ટ્ર હંમેશા આ બહાદુર સૈનિકોના બલિદાન અને સમર્પણનો ઋણી રહેશે.'' વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ ઈન્સ્ટાગ્રામ પર લખ્યું: ''૨૦૦૧ માં સંસદ ભવન પર થયેલા સાહસિક આતંકવાદી હુમલા દરમિયાન રાષ્ટ્રના સન્માનનું રક્ષણ કરનારા શહીદ સૈનિકોને મારો હૃદયપૂર્વકનો આદર અને નમ્ર શ્રદ્ધાંજલિ. ભારત હંમેશા તમારા બલિદાનને યાદ રાખશે અને તેમાંથી પ્રેરણા મેળવતું રહેશે.'' નોંધનીય છે કે ૧૩ ડિસેમ્બર, ૨૦૦૧ ની સવારે, આતંકનો ઘેરો પડછાયો આપણા લોકશાહીના દરવાજા સુધી પહોંચ્યો હતો. આતંકવાદીઓએ સંસદ ભવન પ્રવેશવા માટે સફેદ એમ્બેસેડર કારનો ઉપયોગ કર્યો હતો, જે દેશની રાજધાનીના અત્યંત સુરક્ષિત વિસ્તારમાં ભવ્ય રીતે ઉભો છે. તેઓ ત્યાં તૈનાત સુરક્ષા કર્મચારીઓથી બચીને કેમ્પસમાં પ્રવેશવામાં સફળ રહ્યા. જોકે, લોકશાહીના મંદિરને અપવિત્ર કરે તે પહેલાં જ સુરક્ષા દળો દ્વારા તેમને મારી નાખવામાં આવ્યા.

### કોઈપણ બ્રાન્ડેડ વસ્તુની કોપી કરી વેંચવાના વધુ એક કારસ્તાનનો પર્દાફાશ

# વાવડીમાં નકલી પેઈન્ટ્સનું કારસ્તાન ઝડપાયુ

## કંપનીના અમદાવાદ સ્થિત ઓથોરાઇઝડની તાલુકા પોલીસને સાથે રાખી કાર્યવાહીઃ ફેક્ટરી સંચાલક મહિલા વિરૂધ્ધ ગુનો દાખલ થયો

રાજકોટ, તા. ૧૩

કોપીરાઈટ એક્ટ હેઠળ રાજકોટમાં અવાર-નવાર કાર્યવાહી થતી રહે છે. કોઈપણ ચીજવસ્તુ જે બ્રાન્ડેડ હોઇ તેની કોપી મારી લોકો વેંચીને રોકડી કરી લેતાં હોય છે. દરમિયાન વાવડી ઈન્ડસ્ટ્રીયલ એરીયામાં ગ્લોબલ કેમિકલ એન્ડ મિનરલ્સ ઈન્ડસ્ટ્રીઝ કંપનીના કોપીરાઈટનો ભંગ કરીને અનઅધિકૃત રીતે ગ્લોબટેક્ષ ટેક્ષચર પેઈન્ટ્સનું ઉત્પાદન અને વેચાણ કરી રહેલી ફેક્ટરી પર પોલીસે દરોડો પાડી રૂ. ૨,૮૧,૦૭૦ની કિંમતનો તૈયાર માલ અને ખાલી બેગ્સ મળીને કુલ મુદ્દામાલ કબજે કર્યો હતો.

પોલીસ સુત્રોના કહેવા મુજબ આ ફેક્ટરીનું સંચાલન મહિલા કરતાં હોઇ તેની સામે કાર્યવાહી કરવામાં આવી છે. તાલુકા પોલીસે અમદાવાદ જુના રેલ્વે ક્રોસીંગ પાસે મણીનગર પુર્વમાં રહેતાં અને ગ્લોબલ કેમીકલ એન્ડ મીનરલ્સ ઈન્ડસ્ટ્રીઝ કંપનીમાં ઓથોરાઇઝ પર્સન તરીકે નોકરી કરતાં વિશાલસિંહ હીરાસિંહ જાડેજાની ફરિયાદ પરથી અમીન માર્ગ પર ગુ.હા. બોર્ડ સોસાયટી શેરી નં. ૬માં જલારામ કૃપા ખાતે રહેતાં અલ્પાબેન પ્રકાશભાઇ ઇશ્વરભાઇ ચાંગેલા વિરૂધ્ધ કોપીરાઇટ એક્ટ સહિતની કલમો હેઠળ એફઆઇઆર દાખલ થઇ છે.

આ બનાવમાં ફરિયાદી વિશાલસિંહ જાડેજાને બાતમી મળી હતી કે રાજકોટના વાવડી સર્વે નંબર-૧૪૯, પ્લોટ નં. ૨-૧૧, ક્રિમિસા સ્ટીલની સામે, વાવડી ઈન્ડસ્ટ્રીઝ એરિયા ખાતે આવેલ તીરૂપતિ બિલ્ડ કેમ નામની ફેક્ટરીમાં તેમની કંપનીના રજીસ્ટર્ડ કોપીરાઈટ જેવી જ આબેહૂબ ડિઝાઇનવાળી પ્લાસ્ટિકની બેગ્સમાં ગ્લોબટેક્ષ ટેક્ષચર પેઈન્ટ્સનું ઉત્પાદન કરી વેચાણ કરવામાં આવી રહ્યું છે જે કોપીરાઇટ એક્ટનો ભંગ છે.




આ બાતમીના આધારે, વિશાલસિંહ જાડેજાએ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં વિશાલસિંહ તેમજ તાલુકા પોલીસ સબ ઈન્સ્પેક્ટર બી.આર. ભરવાડ, હેડકોન્સ. અજયભાઈ ભુંડીયા, મયુરસિંહ જાડેજા, કુલદીપસિંહ જાડેજા સહિતના સ્ટાફે સાથે વાવડીમાં તીરૂપતિ બિલ્ડ કેમની ફેક્ટરી પર દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન ફેક્ટરીમાં હાજર પ્રકાશભાઇ ઇશ્વરભાઇ ચાંગેલા (રહે. રાજકોટ)એ કારખાનાના માલિક તરીકે તેમના પત્નિ અલ્પાબેન પ્રકાશભાઇ ઇશ્વરભાઇ ચાંગેલા હોવાનું જણાવ્યું હતું.

પ્રકાશભાઈએ ગ્લોબટેક્ષ ટેક્ષચર પેઈન્ટ્સના લોગો અને પેકિંગ માટે કોપીરાઈટ રજીસ્ટ્રેશન અંગે પૂછપરછ કરતાં તેમની પાસે અધિકૃત હક્કો ન હોવાનું જણાવ્યું હતું. પોલીસે ફેક્ટરીમાં તપાસ કરતાં કોપીરાઈટ ભંગ થયો હોય તેવો મુદ્દામાલ મળી આવ્યો હતો. જેમાંગ્લોબટેક્ષ ટેક્ષચર પેઈન્ટ્સ ભરેલ પ્લાસ્ટિક બેગ તેમજ ગ્લોબટેક્ષ ટેક્ષચર પેઈન્ટ્સ એક્સટીરીયર એન્ડ ઈન્ટીરીયર લખેલ ૨૫ કિલોગ્રામ વજનની ભરેલી પ્લાસ્ટિક બેગ્સના કુલ ૧૩૯ નંગ મળી આવ્યા હતા. જેની આશરે કિંમત પ્રતિ બેગ રૂ. ૧,૫૩૦ લેખે ગણતા, કુલ કિંમત રૂ. ૨,૧૨,૬૭૦ ગણવામાં આવી હતી. તેમજ ગ્લોબટેક્ષ ટેક્ષચર પેઈન્ટ્સની ખાલી પ્લાસ્ટિક બેગ કંપનીના આર્ટિસ્ટિક વર્ક જેવી જ આબેહૂબ છાપ ધરાવતી ગ્લોબટેક્ષ ટેક્ષચર પેઈન્ટ્સ એક્સટીરીયર એન્ડ ઈન્ટીરીયર લખેલ ખાલી પ્લાસ્ટિક બેગ્સના કુલ ૭,૬૦૦ નંગ મળી આવ્યા હતા.


જેની કિંમત પ્રતિ ખાલી બેગ રૂ. ૯ લેખે ગણતા, કુલ કિંમત રૂ. ૬૮,૪૦૦ થાય છે. આમ કુલ કિંમત રૂ. ૨,૮૧,૦૭૦નો મુદ્દામાલ પોલીસે કબ્જે કર્યો હતો. ફેક્ટરીના માલિક અલ્પાબેન પ્રકાશભાઇ ચાંગેલા દ્વારા ફેક્ટરીમાં ગ્લોબલ ટેક્ષચર પેઈન્ટસ એક્ટેરીયર એન્ડ ઈન્ટીરીયર કંપનીના કલાકૃતિ જેવા જ પ્લાસ્ટીકના બેગમાં ટેક્ષચર ભરી વેંચાણ કરાતું હોઇ ગુનો નોંધાવાયો હતો. તાલુકા પોલીસ સ્ટેશનના ઈન્સ. ડી. એમ. હરીપરાની રાહબરીમાં પીએસઆઇ બી.આર. ભરવાડ અને ટીમે જરૂરી કાર્યવાહી કરી હતી.

---

### સો. મિડીયાથી બાળા-સગીરાઓને ફસાવવાના વધી રહેલા કિસ્સા વચ્ચે એક ચોંકાવનારી ઘટના

# છાત્રા સાથે ધરાર ફ્રેન્ડશીપ કરવા મથતાં બે શખ્સ ઝડપાયા

## ઈન્સ્ટાગ્રામથી સતત રિકવેસ્ટ મોકલતા, બાળા ડિલીટ કરતી તો પણ સંપર્ક કરવા પ્રયાસ કરતાં બાળાએ ફસાવાને બદલે વાલીને વાત કરીઃ તાલુકા પોલીસે બંનેને દબોચી કરાવ્યું કાયદાનું ભાન



રાજકોટ, તા. ૧૩

લેભાગુ તત્વો સગીરાઓ, વિદ્યાર્થીનીઓને સોશિયલ મિડીયાથી ફસાવવા માટે નીતનવા ગતકડાઓનો ઉપયોગ કરતાં હોય છે. જો તે આમાં સફળ થઇ જાય તો જે તે સગીરાની જિંદગી બગાડી નાંખતા હોય છે. આવા કિસ્સા અત્યાર સુધીમાં અનેક વખત બહાર આવી ગયા છે અને અનેક હવસખોરો જેલની હવા ખાઇ રહ્યા છે. દરમિયાન એક બનાવમાં નવમા ધોરણમાં ભણતી વિદ્યાર્થીની સાથે ધરાર ઇન્સ્ટાગ્રામથી ફ્રેન્ડ બનવા બે શખ્સ રઘવાયા થયા હતાં. બાળાએ વાલીઓનું ધ્યાન દોરી દેતાં આ બંને ઢગાને તાલુકા પોલીસે પકડી કાયદાનો પાઠ ભણાવ્યો છે.

વિગતો પર નજર કરીએ તો શહેરમાં રહેતી અને ધોરણ-૯માં અભ્યાસ કરતી એક વિદ્યાર્થીનીને બે શખ્સોએ ઈન્સ્ટાગ્રામમાં ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી તેમજ તેણીનો મોબાઇલ નંબર મેળવવા પ્રયાસ કરી તેનો વારંવાર પીછો કરી હેરાન પરેશાન કરવામાં આવતાં અને તેણીએ રિક્વેસ્ટ ડીલીટ કરી નાંખી છતાં તેનો સંપર્ક કરવાનો પ્રયાસ કરવામાં આવતાં અંતે પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસે તુરંત કાર્યવાહી કરી એફઆઇઆર દાખલ કરી ખો ભુલાવી દેવાની કાર્યવાહી આદરી હતી.

વધુ માહિતી અનુસાર આ બનાવમાં તાલુકા પોલીસે ભોગ બનનાર ધોરણ-૯માં અભ્યાસ કરતી તેર વર્ષની વિદ્યાર્થીનીના પિતાની ફરિયાદ પરથી નરેન્દ્ર જેઠાભાઇ મકવાણા અને માલવી જીતેન્દ્રભાઇ ચૌહાણ વિરૂધ્ધ જાતીય સતામણી, પોક્સો હેઠળ ગુનો નોંધી બંનેને સકંજામાં લીધા છે. ફરિયાદમાં જણાવાયું છે કે આ બાળાને આરોપીઓ નરેન્દ્ર અને માલવે અઠવાડીયા પહેલા ઈન્સ્ટાગ્રામમાં ફ્રેન્ડ રીક્વેસ્ટ મોકલી હતી અને તેણીના મોબાઇલ નંબર મેળવવા પ્રયાસ કર્યો હતો.

પરંતુ બાળા પોતે આ બંનેને ઓળખતી ન હોઇ રિક્વેસ્ટ ડીલીટ કરી નાંખી હતી. આમ છતાં આ બંનેએ તેણીનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો અને સતત પીછો કરી હેરાન કરવાનું ચાલુ રાખ્યું હતું. અંતે બાળાએ આ અંગે વાલીને જાણ કરતાં તાલુકા પોલીસમાં ફરિયાદ દાખલ કરાવાઇ હતી. તાલુકા પોલીસ સ્ટેશનના ડી. એમ. હરીપરાએ ઉચ્ચ અધિકારીઓની સુચના અનુસાર ગુનો દાખલ કરી બંને આરોપીને દબોચી લઇ વિશેષ કાર્યવાહી કરી હતી. ઉલ્લેખનીય છે કે આ કિસ્સામાં બાળાએ ઈન્સ્ટાગ્રામીયાઓની જાળમાં ફસાઇને ફ્રેન્ડશીપના ચક્કરમાં ન પડી વાલીઓને જાણ કરી દેતાં વાત પોલીસ સુધી પહોંચી હતી અને બાળાને પરેશાન કરનારા બંનેના સીન વીખાઇ ગયા હતાં.

---

# બંધ મકાનમાંથી તસ્કરોએ કરી ૧.૫૦ લાખની ચોરી

## તસ્કરોને ઝડપી લેવા થોરાળા પોલીસ ઊંધામાથે



રાજકોટ, તા.૧૩

મીરા ઉદ્યોગનગરમાં રહેતા અને શાકભાજીનો ધંધો કરી પેટિયું રળતા પરિવારના બંધ મકાન ત્રાટકેલા તસ્કરો દોઢ લાખની મત્તા ચોરી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ મીરા ઉદ્યોગનગર શેરી નંબર-૫, મેલડી માતાના મંદિર પાસે નદી કાંઠે રહેતા લલિત હરેશભાઈ મકવાણા (ઉ. ૨૬) એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તે, તેની પત્ની પૂજા તેનો ભાઈ વિશાલ, પરેશ શાકભાજીના ધંધા માટે હુડકો શાક માર્કેટ સવારે ગયા હતા. તેમના માતા ગીતાબેનને પાંચ મહિના પૂર્વે દશામાના વ્રત સમયે જમણી આંખમાં ફંગલ થઈ હોવાથી તેઓ હોસ્પિટલમાં હતા અને તેના પિતા હરેશભાઈ અહીં તેમની દેખરેખમાં હતા. ઘરને તાળા મારી યુવાન અને તેના ભાઈઓ શાકભાજીની ફેરી કરવા માટે ગયા હતા.

રાત્રિના નવ વાગ્યા આસપાસ ઘરે પરત આવતા ડેલીનું તાળું ખોલી ડેલી ખોલવા જતા ડેલી ખુલી ન હતી. બાદમાં યુવાનના ભાઇ પરેશે ડેલી ટપી અંદર જતા ડેલી અંદરથી બંધ હોવાનું માલુમ પડયું હતું. બાદમાં જોતા અંદરના રૂમમાં દરવાજા ખુલ્લા હતા સામાન પણ વેરવિખેર પડ્યો હોવાથી ચોરી થયાનું જાણવા મળ્યું હતું. તપાસ કરતા ઘરમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ સહિત રૂ. ૧.૫૦ લાખની મત્તા તસ્કરો ચોરી ગયાનું બહાર આવ્યું હતું. આ અંગે અંગે થોરાળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તસ્કરોના સગડ મેળવવા સીસી ટીવી કેમેરાના ફૂટેજ તપાસવા સહિતની કાર્યવાહી આદરી છે.

---

### ૨૦ લાખના બે ચેકો રીટર્નના બે કેસોમાં

# જલારામ જીનીંગ ફેક્ટરીના ભાગીદાર સહિત પાંચને એક-એક વર્ષની સજા

## બંને કેસોમાં એકંવીસ-એકવીસ લાખનો દંડ અને તેમાથી વીસ-વીસ લાખ ફરીયાદીને વળતર સ્વરૂપે અને એક-એક લાખ સરકારમાં જમા કરાવવા હુકમ

રાજકોટ. તા.૧૩

રાજકોટના વેપારી પાસેથી જસદણના જીનર્સએ લીધેલા ૪૦ લાખ પૈકીના ૨૦ લાખના ચેક રીટર્ન થતા ફેકટરીના ભાગીદારો સહિત પાંચને એક એક વર્ષની સજા અને ૨૧-૨૧ લાખનો દંડ ફટકારાયો છે.

અને જો દંડની ર્કમાં જમા ન કરાવે તો વધુ ત્રણ માસની સજા ઉપરાંત રૂપીયા વીસ-વીસ લાખ ફરીયાદીને વળતર સ્વરૂપે ચુકવવા અને રૂપીયા એક-એક લાખ સરકારને જમા કરાવવા સીમા કોર્ટ દ્વારા આદેશ કરાયો છે.

રાજકોટ શહેરમાં ડો. યાજ્ઞીક રોડ ઉપર માધવ કોમ્પલેક્ષમાં ધંધો કરતા હરીભાઈ રામજીભાઈ ચંદારાણા પાસેથી જસદણની જલારામ કોટન એન્ડ પ્રોટીન્સ લી. ના ભાગીદાર આરોપી આનંદભાઈ અરવીંદભાઈ પોપટ રહે. અંજની ટાવર, ઈન્દીરા સર્કલ પાસે,રાજકોટ સહિતના લોકોએ સબંધના દાવે ધંધાના વિકાસ માટે લીધેલા રૂ. ૪૦,૦૦,૦૦૦માંથી જલારામ જીનીંગ ફેકટરીના ભાગીદાર દરજજે બે ચેક ઈસ્યુ કરી આપ્યા હતા.

જે બંને ચેકમાંથી રૂ. ૨૦



લાખનો એક ચેક વસુલાયા વગર પરત ફરતા થતા અને ડીમાન્ડ નોટીસ આપવા છતા રકમ પરત ન કરતા જસદણના જીનર્સ વિરૂધ્ધ રાજકોટના એડી.ચીફ જયુડી.ની કોર્ટમાં ફરીયાદ દાખલ કરાઈ હતી. ઉપરોકત કેસ ચાલી જતા પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલો પુરાવો રેકર્ડ પર લાવવામાં આરોપી પક્ષ નિષ્ફળ નીવડતા અને બચાવ પુરવાર કરવા જાતે કે સાહેદો મારફત કે દસ્તાવેજી પુરાવાથી હકીકતો સાબિત કરી ફરીયાદીના પુરાવાનું ખંડન કરી ના શકતા વિગેરે દલીલો કરવામાં આવતા અને ફરીયાદપક્ષના પુરાવાનું ખંડન કરતો ખંડનાત્મક પુરાવો આરોપી રેકર્ડ પર લાવવામાં સફળ ના થતા ફરીયાદીનો કેસ પુરવાર માની આરોપી જલારામ જીનીંગ ફેક્ટરી આનંદ અરવીંદ પોપટ, જયેશ અરવિંદ પોપટ, ઘનશ્યામ અરવિંદ પોપટ અને હષદ અરવિંદ પોપટને એક-એક વર્ષની સજા તથા એકવીસ-એકવીસ લાખ દંડ તરીકે જમા કરાવવા અને જમા ન કરાવે તો વધુ ત્રણ માસની સજા ઉપરાંત રૂપીયા વીસ-વીસ લાખ ફરીયાદીને વળતર સ્વરૂપે ચુકવવા અને રૂપીયા એક-એક લાખ સરકારને જમા કરાવવા સમાચીન્હરૂપ ચુકાદો જાહેર કરાયો હતો. ફરીયાદી પ્રશાંતભાઈ ચંદારાણા વતી રાજકોટના એડવોકેટ લલિતસિંહ જે શાહી, સી.એમ. દક્ષીણી, સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, જસ્મીન દુધાગરમ, જય પીઠવા, યુવરાજ વેકરીયા, ભાવીન ખુંટ, સાહીલ કંટારીયા તેમજ મદદમાં નીરવ દોંગા, આયન કોરાટ, જયમલ મકવાણા, રાહીલ ફળદુ રોકાયા હતા.

---

### ઉપલેટાના રાજપરા જેવી જ ઘટના સામે આવી વડોદરા પંથકમાં : હત્યાનો ભેદ ખુલતાં સૌ ચોંકી ગયા

# ચાલીસ લાખના વીમા માટે બહેને કરાવી ભગીનીની હત્યા!

## નાની બહેનનો સગી મોટી બહેને વીમો ઉતરાવ્યો ત્યારથી તેની હત્યાનો પ્લાન ઘડતી હતીઃ પ્રેમી મારફત ગળાટૂંપો અપાવી મોતને ઘાટ ઉતારી દીધીઃ પોલીસે કરી બંનેની ધરપકડ

રાજકોટ, તા. ૧૩

રૂપિયા-પૈસા માટે લોકો કેવા કેવા ગુના આચરતા હોય છે તેની પ્રતીતિ કરાવતો વધુ એક ભયંકર અપરાધ ઉઘાડો પડ્યો છે. તાજેતરમાં રાજકોટના ઉપલેટાના રાજપરામાં વિદેશ જવા ઇચ્છુક દિકરાએ પિતાનો સાંઇઠ લાખનો વીમો પકવવા પોતાના પિત્રાઇ ભાઇને પિતાની હત્યાની સોપારી આપી હત્યા કરાવી હોવાનો બનાવ બન્યો હતો. આવી જ બીજી ઘટના સામે આવી છે જેમાં એક મહિલાએ પોતાની જ બહેનનો ચાલીસ લાખનો વીમો ઉતરાવી બાદમાં તેણીને પ્રેમી મારફત હત્યા કરાવી નાંખી હતી. જો કે પોલીસે શરૂ કરેલી તપાસમાં ભેદ ખુલી ગયો હતો. ચાલીસ લાખનો વીમો પકવવા એક બહેન સગી બહેન માટે જીવલેણ બની ગઇ હતી.

આ ચોંકાવનારી ઘટના પર નજર કરીએ તો બનાવ વડોદરા નજીક આવેલા અંકોડિયા ગામમાં બની છે. અહિ ત્રણ દિવસ પહેલા અજાણી યુવતીની હત્યાનો ભેદ ઉકેલાઈ ગયો છે. છત્રીસ વર્ષીય યુવતીની હત્યા તેની જ મોટી બહેને તેના પ્રેમી સાથે મળી કરવાની હોવાનો ઘટસ્ફોટ થયો છે. નાની બહેનનો રૂપિયા ચાલીસ લાખનો જીવન વીમો પકવવા માટે આ હત્યા કરવામાં આવી હોવાનો ચોંકાવનારો ખુલાસો થતાં સૌ કોઇ ચોંકી ગયા હતાં. મોટી બહેન અને તેના પ્રેમી દ્વારા તેર દિવસના ગાળામાં બે વાર હત્યાના પ્લાનને અંજામ આપવાનો પ્રયાસ કર્યો હતો પણ સફળતા મળી ન હતી. અંતે દસીડિસેમ્બરે શ્રમ કાર્ડ કઢાવવાના બહાને અજીઝાબાનુને બહાર લઈ જઈ પ્રેમીએ ઓઢણીથી ગળેટૂંપો આપી મોતને ઘાટ ઉતારી દીધી હતી.

વધુ માહિતી મુજબ અંકોડિયા પાસેથી હત્યા કરાયેલી લાશ મળી આવ્યા બાદ પોલીસ માટે તેની ઓળખ કરવાથી લઈ આરોપી સુધી પહોંચવાનો એક મોટો પડકાર હતો. જે કઈ રીતે પાર પાડ્યો તેની સિલસિલાબંધ વિગત એસપીએ આપી હતી. બાદે વડોદરા નજીક આવેલા અંકોડિયા ગામની સીમમાંથી એક ૩૫ વર્ષ આસપાસની ઉંમરની યુવતીની લાશ મળી આવી હતી. પીએમ રિપોર્ટમાં ગળેટૂંપો આપવાના કારણે યુવતીનું મોત નિપજ્યાનો ઘટસ્ફોટ થતા પોલીસે તપાસનો દોર આગળ ધપાવ્યો હતો.

ઘટના બારામાં વડોદરા જિલ્લા પોલીસ વડા સુશીલ અગ્રવાલે જણાવ્યું હતુ કે પોલીસ તપાસ દરમિયાન સીસીટીવી કેમેરા, મોબાઇલના સીડીઆર અને હ્યુમન




**ફિરોઝાએ નાની બહેન અજીઝાબાનુને કહ્યું-મારો ઓળખીતો રમીઝ તને શ્રમ કાર્ડ કઢાવી આપશે તું તેની સાથે જાઃ રમીઝ મોપેડમાં તેણીને ઇ ગયો અને તેના જ દૂપટ્ટાથી મોતને ઘાટ ઉતારી ભાગી ગયોઃ ૪૦ લાખના વિમાની રકમમાંથી રમીઝને મળવાના હતાં ૭ લાખ**

સોર્સની મદદ લેવામાં આવી હતી. જેમાં અજીઝાબાનુની હત્યા પાછળ પરિવારનો જ કોઇ સભ્યો હોવાની શંકા ઉઠી હતી. જેથી પોલીસે એ થીયરી પર કામ કરવાનું શરૂ કર્યું હતું. આ દરમિયાન જાણવા મળ્યું કે અજીઝાબાનું ઘરેથી એક મોપેડ પર બેસી નિકળી હતી. એટલે પોલીસે મોપેડ ચાલકની શોધખોળ શરૂ કરતા રમીઝ રાઝા હનિફભાઇ બન્નુમીયા શેખ પાસે રહેતો હોવાનું ખુલ્યું હતુ. પોલીસે જ્યારે વધુ તપાસ કરી તો અજીઝાબાનું જેની સાથે મોપેડ પર નીકળી હતી તે રમીઝ રાજાને અને મૃતક અજીઝાબાનુની મોટી બહેન ફિરોઝાબાનુને પાંચ વર્ષથી પ્રેમસંબંધ હોવાનું માલૂમ પડ્યું હતું.

અંતે પોલીસે સીધી જ ફિરોજાબાનું પાસે પહોંચી ગઈ હતી અને કડકાઈથી પૂછપરછ શરૂ કરતા હત્યા પરથી પડદો ચકાઈ ગયો હતો. અજીઝાબાનુની હત્યા રૂપિયા ૪૦ લાખનો વીમો પકવવા માટે કરવામાં આવી હોવાની સનસનીખેજ વિગતો સામે આવી છે. પોલીસનું માનીએ તોઅજીઝાબાનુ (મૃતક)નો રૂપિયા ચાલીસ લાખનો જીવન વીમો લેવામાં આવ્યો હતો. જેના પ્રિમિયમનો પ્રથમ હપતો પણ મોટી બહેને ફિરોજાબાનુએ ભર્યો હતો. જે દિવસે નાની બહેનનો જીવન વીમો લીધો તે દિવસથી જ તેની હત્યા નિપજાવી વીમો પકવવાનો ખતરનાક પ્લાન મોટી બહેન ફિરોજાબાનુંએ વિચારી લીધો હતો અને તેને અંજામ આપવા માટે પ્રેમી રમીઝ રાજાને કામ સોંપ્યું હતું.

વધુમ માહિતી અનુસાર આરોપીઓની પૂછપરછમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. વીમો ઉતરાવ્યો ત્યારથી લઈ હત્યા થઈ ત્યાં સુધીના તેર દિવસમાં આરોપીઓએ અજીઝાબાનુની હત્યા માટે કૂલ ત્રણ પ્રયાસ કર્યા હતા. જેમાં પ્રથમ બે પ્રયાસોમાં સફળતા મળી ન હતી. ત્રીજા પ્રયાસમાં અજીઝાબાનું પોતાની મોટી બહેનની વાતમાં આવી જત પ્રેમીની મદદથી કામ તમામ કરી નાખવામાં આવ્યું હતું. આરોપી ફિરોજાબાનએ તેની નાની બહેન અજીઝાબાનુને કહ્યું હતું કે, તારે શ્રમ કાર્ડ કઢાવવાનું છે તો મારો ઓળખીતો છે તે રમીઝ રાજા તે કાઢી આપશે. શ્રમ કાર્ડ કઢાવવા માટે ફિરોજાએ મૃતક અજીઝાને ઘરેથી આર્યા હાઇટ્સ પાસે મોકલી હતી. જ્યાં રમીઝ તેને પોતાની મોપેડ પર બેસાડી અંકોડિયા સ્થિત અવાવરૂ જગ્યાએ લઇ ગયો હતો અને અજીઝાએ પહેરેલા દુપટ્ટા વડે જ તેને ગળે ટુંપો દઇ હત્યા કરી નાખી હતી.

ક્રાઇમ થ્રીલર ફિલ્મી સ્ટોરીને ટક્કર મારે એવા હત્યાના બનાવમાં એ પણ વિગત સામે આવી છે કે, નાની બહેનના મોત બાદ વીમાની જે રકમ પાકે તે ૪૦ લાખ રૂપિયામાંથી ૭ લાખ રૂપિયા હત્યાને અંજામ આપનાર પોતાના -મી રમીઝ રાજાને આપવાનો વાયદો કર્યો હતો. આરોપીઓ પોતાના પ્લાન મુજબ હત્યા કરવામાં તો સફળ રહ્યા પણ પોલીસે ગણતરીના કલાકોમાં જ તેનો પ્લાન ધો પાડી નાખતા હવે જેલની હવા ખાવાનો વારો આવ્યો છે.પોલીસના જણાવ્યા મુજબ આરોપી ફિરોજાબાનું પોતે પરણિત છે. જ્યારે મૃતક અજીઝાબાનુંના ભૂતકાળમાં ત્રણ લગ્ન થઈ ચૂક્યા છે. જ્યારે આરોપી રમીઝ રાઝા પોતે ઓનલાઈન ફૂડ ડિલિવરીનું કામ કરે છે. આ ઘટનાએ વધુ એક વખત લોહીના સંબંધોને શર્મસાર કર્યા છે.

### લાલચની જાળમાં સતત ફસાઇ રહ્યા છે લોકોઃ વેપારી સાથે મોટી ઠગાઇ

# સસ્તા સોનાની લ્હાયમાં દંપતિએ ગુમાવ્યા બે કરોડ

## ઘરેણા પહેરવાના શોખીન વેપારીની એક સંસ્થામાં કચ્છના શખ્સ સાથે મુલાકાત થઇ અને ફસાયાઃ તબક્કાવાર રૂપિયા પડાવી ફાર્મ હાઉસ ખાતે વેપારી અને તેના પત્નિને બોલાવ્યાઃ ઘેની ચા પાઇ બેભાન કરી રોકડ પડાવી લીધીઃ ભાનમાં આવ્યા ત્યારે નકલી પોલીસ ઉભી હતી તેણે દરોડો પડ્યાનું નાટક કર્યુંઃ ટોળકીની શોધખોળ

રાજકોટ, તા. ૧૩

લાલચ બુરી બલા હૈ આ વાત લોકો જાણે છે છતાં લાલચમાં આવી લપેટાઇ જઇ લાખો કરોડો ગુમાવી દે છે. અલગ અલગ ફ્રોડની સતત બનતી ઘટનાઓ વચ્ચે વધુ એક વખત સસ્તા સોનાની લાલચ આપી ઠગાઇ કરવામાં આવી છે. એક વેપારીને સસ્તામાં સોનુ આપવાની લાલચ દઇ ટોળકી બે કરોડથી વધુની રકમ પડાવી ગઇ છે. આ ટોળકીમાં પોલીસની ખોટી ઓળખ આપીને પ્લાનને અંજામ અપાયો હતો. છ જણાને પોલીસ શોધી રહી છે.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદ રહેતા વેપારીને આણંદ જિલ્લાના નાપા ગામની ઠગ ટોળકીએ સસ્તા ભાવે સોનું આપવાના બહાને ફાર્મ હાઉસમાં બોલાવી ઘેનયુક્ત પદાર્થ પીવડાવીને બેભાન કરીને બે કરોડ દસ લાખ પડાવીન ફરાર થઇ ગઇ હતી. આ મામલે ચાર શખ્સ, પોલીસની ખોટી ઓળખ આપનાર અને અન્ય મદદગારી કરનાર શખ્સો સામે બોરસદ ગ્રામ્ય પોલીસે ફરિયાદ નોંધીને વધુ તપાસ હાથ શરૂ કરી છે. પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ મૂળ ચેન્નાઇના વતની અને આડત્રીસ વર્ષથી અમદાવાદમાં રહેતા મુકેશ સુબ્રમણ્યમ નાયડુ એડમિશન કેરિયર કાઉન્સિલ ચલાવતા હતા. ત્રણ વર્ષ પૂર્વે અમદાવાદના ગોતા વિસ્તારમાં આવેલા એક સંસ્થામાં તેમની મુલાકાત મૂળ કચ્છના મહેન્દ્રસિંહ રાજપુત સાથે થઇ હતી.

મુકેશભાઇને સોનાના આભૂષણો પહેરવાનો શોખ હોવાથી મહેન્દ્રસિંહે આણંદના નાપામાં રહેતા રાજુ પટેલ મિત્ર છે અને વર્ષોથી સોનાના ધંધો કરે છે અને બજારભાવ કરતા સસ્તા ભાવે સોનુ આપશે તેમ કહીને વિશ્વાસમાં લીધા હતા. બાદમાં મકાન લેવા માટે મુકેશભાઇએ લોન લીધી હતી. જેમાંથી થોડા પૈસા વધતા તેઓએ સોનું લેવાની ઇચ્છા વ્યકત કરી નાપાના રાજુભાઇ પટેલનો સંપર્ક કર્યો હતો અને નાપા ગામે આવ્યા હતા અને જ્યાં એક ફાર્મ હાઉસ પર મુલાકાત થતાં રાજુભાઇએ ૧૦૦ ગ્રામ સોનાના બિસ્કીટનો ભાવ ૧૨.૨૫ લાખ થશે તેમ કહી લાલચ આપી હતી અને સોનું બે દિવસ પછી મળશે અને હાલમાં બુક કરવા માટે પૈસા આપશે તેમ કહ્યું હતું.

મુકેશભાઇએ પાંચ લાખ આપ્યા હતા. વારંવાર સોનાના બિસ્કીટ માટે રાજુભાઇ પટેલે લાલચ આપી હતી અને વધુ રૂપિયા પંદર લાખ લઇને આણંદના નાપાના ફાર્મ હાઉસમાં બોલાવ્યા હતા. આ પછી મુકેશભાઇ અને તેમના પત્નિ તેર લાખ લઇને નાપા ગામે આવતા ફાર્મ હાઉસમાં રાજુભાઇને તેર લાખ




આપ્યા હતા. રાજુભાઇ સાથે તેની સાથેના ચાચા નામના સખ્સ પંદર લાખની માગણી કરી હતી. મુકેશભાઇએ આંગડિયા મારફતે પૈયા મંગાવ્યા હતા અને રાજુભાઇએ ચાચાને બે બિસ્કીટ આપુ છું, ચાર લાખ કાલે આપી દેજો અત્યારે બે લાખ આપો એટલે ચાચા બે બિસ્કીટ આપી દેશે તેમ કહ્યું હતું.

ચાચાને મુકેશભાઇ બોરસદની આંગડીયા પેઢીમાં લઇ ગયા હતા. જ્યાંથી બે લાખ ચાચાને આપી તેમની પાસે બિસ્કીટની માગણી કરતા તેમણે બિસ્કીટ રાજુભાઇ પાસે રહી ગયાનું જણાવ્યું હતું. મુકેશભાઇએ રાજુભાઇને ફોન કરીને બિસ્કીટની માગણી કરતા રાજુભાઇએ તમે અમદાવાદ પહોંચો હું તમને બિસ્કીટ આપી દઉ છું. અમદાવાદ આવ્યા બાદ રાજુભાઇને ફોન કરતા તેમણે ફેમેલી -ોબ્લેમ થયો છે. અડધે રસ્તેથી પરત આવ્યો છું અમદાવાદ આવીને બિલ અને ગોલ્ડ આપી જઇશ તેમ કહ્યા બાદ વારંવાર મુકેશે રાજુનો સંપર્ક કરવા છતાં સોનુ આપ્યુ ન હતું.

ત્યારબાદ મહેન્દ્રસિંહ મુકેશભાઇને વોટ્સેએપથી ફોન કરીને કહ્યુ કે, તમારા પૈસા કઢાવી લઇશ અને તમે મને ૫૦ હજાર ઓનલાઇન ટ્રાન્સફર કરો તેમ કહેતા મુકેશે તેમના ખાતામાં ૫૦ હજાર આપ્યા હતા. બાદમાં મહેન્દ્રસિંહે રાજુ સાથે વાત કરાવતા ૬૦૦ ગ્રામ બિસ્કીટ માટે ૬૫ લાખમાં લેવુ હોય તો ડીલ કરો નહીંતર ૨૦ લાખ રૂપિયા ભૂલી જાવ, તેમ કહેતા નાયડુએ અલગ અલગ આંગડિયા પેઢી મારફતે ૬૫ લાખ ભેગા કર્યા હતા અને પાંચમી નવેમ્બરે પરિવાર સાથે નાપા ગામના ફાર્મ હાઉસ પર આવ્યા હતા અને રાજુભાઇ અને ચાચા નામના શખ્સને રોકડા ૬૫ લાખ આપતા ૧૦ ગ્રામના સોનાના છ બિસ્કીટ આપ્યા હતા. જેના બિલની માગણી કરતા રાજુભાઇએ બિસ્કીટ ટેબલ પર મૂકવાનું કહ્યું હતું. બાદમાં કોઇને ફોન કરીને નાટક કરી એકાઉન્ટ આવ્યો નથી.

આ પછી તેણે અત્યારે જાઓ રાત્રે મારો માણસ અમદાવાદ આવીને બિલ અને સોનુ આપી જશે તેમ કહી મુકેશ અને તેમના પરિવારજનોએ અમદાવાદ મોકલી દીધા હતા. બાદમાં મહેન્દ્રસિંહે મુકેશભાઇને ફોન કરીને રાજુ પાસેથી તમે વધુ સોનું લો તો જ ફાયદામાં રહેશો નહીંતર પૈસા ભૂલા જાવ તેમ કહ્યું હતું. બાદમાં વધુ સોનુ લેવા માટે દબાણ કરી પૈસા નહીં મળે તેવો ડર બતાવતા ૨૮ લાખ લઇને મુકેશભાઇ અને તેમના પત્નિ ફરી વખત નાપા ગામે આવ્યા ફાર્મ હાઉસ આવ્યા હતા. જ્યાં રાજુ પટેલ અને અન્ય બે વ્યકિતઓની મુંબઇની પાર્ટી તરીકે ઓળખ આપીને ૨૮ લાખ લીધા હતા અને ૬૦૦ ગ્રામ સોનાના બિસ્કીટ આપવાનું નાટક કર્યું હતું. દંપતીને ચા માં ઘેન યુક્ત પદાર્થ પીવડાવી દેતા બંને બેભાન થઇ ગયા હતા.

બાદમાં ઠગ શખ્સો ફરાર થઇ ગયા હતા. દંપતી ભાનમાં આવ્યું ત્યારે હાજર શખ્સો રાજુનો ફોનથી સંપર્ક કરવાનું કહેતા ફોન કર્યો હતો. રાજુએ પોલીસની રેડ પડવાની છે તેમ કહેતા બે અજાણ્યા શખ્સો બાઇક લઇને આવ્યા હતા. પોલીસની ઓળખ આપીને રેડનું નાટક કર્યું હતું. બાદમાં દંપતીને ડરાવી ધમકાવીને ભગાડી મૂક્યા હતા. મુકેશભાઇએ સોનું અથવા તો પૈસા પરત આપવાની માગણી કરતા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. કુલ બે કરોડથી વધુની રકમ આ ટોળકીએ પડાવી લીધી હતી. આ મામલે મુકેશભાઇ નાયડુએ રાજુ પટેલ, મહેન્દ્રસિહ રાજપુત, સાજીદભાઇ અને ચાચા અને અન્ય મદદગારી કરનાર શખ્સો અને પોલીસની ખોટી ઓળખ આપનાર શખ્સો સામે સામે ફરિયાદ નદાખલ કરાવવામાં આવતાં તપાસ શરૂ થઇ છે.

# કેટરર્સમાં ગયેલી તરુણી ગાયબ

### અજાણ્યા સામે નોંધાયો અપહરણનો ગુનો




રાજકોટ, તા.૧૩

શહેરના ઝૂલેલાલનગરમાં તરુણી માતા સાથે કેટરર્સમાં ગયાં બાદ ગુમ થઈ જતાં ખોખળદડ પાસે રહેતા યુવકે તેની સગીરવયની બહેન લાપતા થયા અંગે પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે અપહરણનો ગુનો નોંધી તરુણીની ભાળ મેળવવા તપાસ હાથ ધરી છે. બનાવ અંગે ખોખળદડ પુલ પાસે રહેતા યુવકે પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં તેની ૧૬ વર્ષની બહેન ગુમ થયાની નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, તેના માતા-પિતાના છુટાછેડા થઈ ગયા છે. યુવક અને તેની બહેન તેની માતા સાથે રહે છે.

૧૬ વર્ષની બહેન માતા સાથે ઝુલેલાલનગરમાં આયોજિત લગ્ન પ્રસંગમાં કેટરર્સનું કામ કરવા સાથે ગઈ હતી. ત્યાં તરુણી માતાને ક્યાંય જોવા ન મળતા માતાએ આસપાસ તપાસ કરવા છતાં ન મળતા બપોરે ૧-૦૦ વાગ્યાની આસપાસ તેના દીકરાને ફોન કરી જણાવતા ત્યાં દીકરો પહોંચી ગયો હતો. બાદમાં માતા અને યુવકે સગા સંબંધીના ઘરે તપાસ કરતા ત્યાંથી પણ કોઈ સમાચાર ન મળતા પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં અજાણ્યા સામે અપહરણ ફરિયાદ નોંધાવી છે.

### અમુક તત્વોને પોલીસનો ડર જ નથીઃ બેફામ બની ગમે ત્યારે ગમે ત્યાં કરે છે ડખ્ખા

# કાર સળગાવનારે છરીથી કર્યો હુમલો

## ચામુંડાનગરમાં યુવાનને સિમેન્ટ બ્લોકથી ફટકાર્યો, છરી ગળા પર મુકી કહ્યું-ફેરવી દઇશ તો અહિ જ મરી જઇશઃ પછી માર ખાનારે પણ પરિવાર સાથે મળી હુમલાખોરને બરાબરનો ફટકારી લોહીલુહાણ કર્યોઃ બંને હોસ્પિટલમાં પહોંચતા માલવીયાનગર પોલીસે સામ-સામી FIR કરી દાખલ

રાજકોટ, તા. ૧૩

લોકો કેવા કેવા કારણોસર બાખડી પડે હથીયારો સાથે તુટી પડે તે કહી શકાતું નથી. વધુ એક ડખ્ખો સામે આવ્યો હતો. જેમાં વીસેક દિવસ પહેલા માયાણીનગર ખીજડાવાળા રોડ પર ચામુંડાનગરમાં રહેતાં યુવાને સેલ્ફ ડ્રાઇવીંગ માટે ભાડેથી લાવીને ઘર પાસે રાખેલી કારમાં તોડફોડ કરી બાદમાં સળગાવી દેવાઇ હતી. આ ગુનામાં સામેલ શખ્સોએ ફરીથી યુવાન પર હીચકારો હુમલો કર્યો હતો. જો કે વળતા હુમલામાં હુમલાખોર પણ ગંભીર રીતે ઘાયલ થયો હતો. ચકરડીવાળા યુવાનના ગળે છરી મુકી ફેરવી દઇશ તો અહિ જ પુરુ થઇ જશે તેવી ધમકી અપાઇ હતી. મારામારીમાં છરી, સિમેન્ટના બ્લોક, ઢીકાપાટાનો ઉપયોગ થયો હતો.

વિગતોપ ર નજર કરીએ તો આ બનાવમાં માલવીયાનગર પોલીસે આ અંગે સામ-સામે ફરિયાદ દાખલ કરી છે. ખીજડાવાળા રોડ પર ચામુડાનગર-૧માં રહેતાં છવ્વીસ વર્ષના અનિકેત મનોજભાઇ રાઠોડની ફરિયાદ પરથી હાર્દિક સભાડ અને સોનુ ભૈયાજી વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. અનિકેત પરિવાર સાથે રહે છે અને બાળકોની ચકરડી શેરીએ ગલીએ ફેરવી મજૂરી કરી ગુરજાન ચલાવે છે. અનિકેતે જણાવ્યું હતું કે એકાદ મહિના પહેલા મારા ઘરે દિકરી હેતાંશીનો જન્મ થયો હોઇ અને દિકરીનો વજન ઓછો હોઇ ડોક્ટરે બેબીને કાચની પેટીમાં રાખવી પડશે તેમ કહ્યું હતું. આ પછી અમે દિકરીને ઘરે લઇ ગયા હતાં. તેના દસ દિવસ બાદ અમે તેને ચોટીલા પગે લગાડવાની માનતા રાખી હોઇ હું સેલ્ફ ડ્રાઇવીંગમાં કાર ભાડે આપતાં હિરેનભાઇ પાસેથી વરના ગાડી વીસમી નવેમ્બરના રોજ ભાડેથી લઇને મારા ઘર પાસે રાખી હતી. આ વખતે સાંજે છ પછી હાર્દિક અને સોનુ ભૈયાજીએ મારા ઘર પાસે આવી મારી ચકરડીમાં ધોકા ફટકારી તોડફોડ કરી હતી અને મેં ભાડાની કાર લાવીને ઘર પાસેર ાખી હોઇ તેમાં પણ તોડફોડ કરી હતી. તેમજ અમારી જ્ઞાતિ વિશે જેમતેમ બોલી તમારે ગાડી લેવાની ત્રેવડ છે? તેવુ કહી જતાં રહ્યા હતાં.

બાદમાં હાર્દિકના પિતાએ ગાડી રીપેરીંગનો ખર્ચ આપી દેવાનું કહી સમાધાનની વાત કરી હતી. એ પછી મોડી રાતે બે વાગ્યે આ કાર કોઇ સળગાવી ગયું હતું. પછી ખબર પડી હતી કે કાર હાર્દિકના મિત્ર સોનુ ભૈયાજી અને આર્યન ઉર્ફ તાલીએ સળગાવી હતી. જેથી મેં ફરિયાદ કરી હતી. આ બાબતે મનદુઃખ હોઇ ગત રાતે સાડા દસેક વાગ્યે હું એક્ટીવા લઇ મારા ઘર પાસે શેરીમાં પહોંચ્યો ત્યારે હાર્દિક સભાડ, સોનુ ભૈયાજી આવ્યા હતાં. મને હાર્દિકે પકડી રાખ્યો હતો અને સોનુએ છરી ગળા પર રાખી આ ફેરવી







દઇશ તો અહિ જ પુરૂ થઇ જશે, અમારા વિરૂધ્ધ એટ્રોસીટીની ફરિયાદ કરવા કેમ ગયો હતો? તેમ કહી ધમકી દીધી હતી. પછી પાછો તે દોડીને આવી મને છરી મારાવ જતાં મેં છરી પકડી લીધી હતી. જેથી હાર્દિકે મને માથામાં આડેધડ ઉંધી છરીના ઘા માર્યા હતાં. ઝપાઝપીમાં તેના હાથમાંથી છરી પડી જતાં ત્યાં સિમેન્ટનો બ્લોક પડ્યો હોઇ તે ઉપાડી મને ડાબા પગે ઘા મારી દીધા હતાં. સોનુએ બેફામ ગાળો દઇ તને જીવતો નથી રહેવા દેવો, અમાર વિરૂધ્ધ કેમ ફરિયાદ કરે છે? કહી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કર્યો હતો.

આ વખતે મારા મમ્મી જોશનાબેન, મારી બહેન હીનાબેન, માસીની દિકરી સહિતના આવી જતાં મને છોડાવ્યો હતો. બાદમાં સારવાર માટે ખસેડાય્યો હતો. પોલીસ પણ આવી ગઇ હોઇ પોલીસ તેને લઇ જતી હતી ત્યારે પણ તે મને જ્ઞાતિ વિશે જેમ તેમ બોલતો હતો અને તને જીવતો નહિ જ રહેવા દઉં તેવી ધમકી આપતો હતો. તેમ વધુમાં અનિકેતે જણાવતાં પોલીસે ફરિયાદ નોંધી હતી. આ બનાવમાં સામા પક્ષે ચંદ્રેશનગર મેઇન રોડ પર ન્યુ અમરનગર-૭માં રહેતાં અને માયાણનીગર ક્વાર્ટર સામે પિતાજી સાથે ગેરેજ-સર્વિસ સ્ટેશનમાં કામ રતાં હાર્દિક હીરાભાઇ સબાડ કે જે ચોવીસ વર્ષનો છે તેની ફરિયાદ પરથી અનિકેત, તેના મામાનો દિકરો યશ, અનિકેતના માતા, બહેન, પિતા અને બે અજાણ્યા વિરૂધ્ધ ગુનો દાખલ કરાયો છે.

વધુ માહિતી ફરિયાદમા જણાવતાં હાર્દિક સભાડે કહ્યું હતું કે રાત્રે સાડા દસેક વાગ્યે હું અને મારો મિત્ર સોનુ બંને એક્ટીવા લઇ પિતાજીના ગેરેજથી અમારા ઘર તરફ જવા નીકળ્યા ત્યારે એક્ટીવાની પાછળ હું બેઠો હતો. અમે ખીજડાવાળા રોડ પર માયાણીનગર ચામુંડાનગર-૧ના ખુણે પહોંચ્યા ત્યારે અનિકેત સહિતનાએ અમારા એક્ટીવા આડે આવી ઉભા રાખતાં સોનુ એક્ટીવા ઉભુ રાખી સાઇડમાં ઉભો રહી ગયો હતો. આ વખતે અનિકેતે મને-તે અમારી ગાડી કેમ સળગાવી, ગાડી સળગાવવાનો ખર્ચ તું કેમ નથી આપતો? કહી ઝઘડો કરી ગાળો દઇ ઢીકાપાટુ માર્યા હતાં. બાદમાં છરી કાઢી હુમલો કરી નાક ઉપર ઘા મારી દીધો હતો. બીજો ઘા માથામાં ડાબી બાજુ અને એક ઘા જમણી બાજુ મારી દીધો હતો. હું બૂમાબૂમ કરવા માંડતા મિત્ર સોનુ વચ્ચે પડતાં તેને પણ આ લોકોએ મારકુટ કરતાં તે ભાગી ગયો હતો.

આ પછી અનિકેત સાથે ઉભેલા તેના મામાના દિકરા યશે મને પકડી લીધો હતો અને બીજા લોકોએ ઢીકાપાટુ માર્યા હતાં. ફરીથી અનિકેતે છરીથી મને એક ઘા જમણા સાથળમાં મારી દીધો હતો. આ પછી મને ઝપાઝપી કરી પાડી દીધો હતો. બાદમાં અનિકેતના માતા, પિતા, બહેન સહિતનાએ આવી છાતીમાં ઢીકાપાટા માર્યા હતં. તેની બહેને સિમેન્ટના બ્લોકથી મોઢા-માથામાં ઘા ફટકાર્યા હતાં જેથી હું લોહીલુહાણ થઇ ગયો હતો. દેકારો થતાં માણસો ભેગા થઇ જતાં મારો મિત્ર ચંદ્રેશ ઉર્ફ લાલો આવી ગયો હતો અને તેણે પોલીસને ફોન કર્યો હતો.

બાદમાં અમે માલવીયાનગર પોલીસ સ્ટેશને ગયા હતાં અને ત્યાંથી ૧૦૮ મારફત સિવિલ હોસ્પિટલમાં દાખલ થયો હતો. વીસેક દિવસ પહેલા અનિકેતની ગાડી મેં સળગાવી દીધી હતી. જેનો ખર્ચ મેં આપ્યો ન હોઇ જેથી મારા વિરૂધ્ધ ગાડી સળગાવવાનો કેસ કર્યો હતો. આ વાતે મનદુઃખ ચાલતું હોઇ મને આંતરીને હુમલો કરાયો હતો. તેમ વધુમાં હાર્દિકે કહ્યું હતું. બંને બનાવમાં માલવીયાનગરના પોલીસ ઇન્સ. જે. આર. દેસાઇના માર્ગદર્શનમાં પીએસઆઇ સી. પી. રાઠોડ અને હેડકોન્સ. પી. એચ. ચુડાસમાએ એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

### લોકોને જાગૃત કરવાના સાયબર ક્રાઇમના પ્રયાસો અનહદ, પણ જાગૃકતા લગરીકેય નહિ!

# ક્રિપ્ટોમાં કમાઇ લેવાની લાલચ ૧૬ લાખમાં પડી

## ટ્રાન્સપોર્ટર યુવાન ઈશિતા નામની યુવતિએ કરેલા ફોનમાં વાતચીતમાં એવો અંજાઇ ગયો કે રોકાણ કરી દીધુંઃ રોકાણ પર ડોલરોમાં નફો બતાવ્યો પણ એક ફદીયુંય ઉપડી ન શક્યું

રાજકોટ, તા. ૧૩

ઓનલાઇન શેર બજારમાં રોકાણ કરી કમાણી કરવાની લાલચ અને ક્રિપ્ટોમાં રોકાણ કરી માલદાર બનાવવાની લાલચ આપી ગઠીયાઓ શરૂઆતમાં રોકાણ પર નફો આપી એ રકમ વીડ્રો કરવા દઇ બાદમાં જે તે વ્યક્તિને વધુ રોકાણ કરવા લલચાવી પછી ધૂંબો મારી દેતાં હોવાના કિસ્સા રોજીંદા છે. આમ છતાં લોકો ટુંકા રસ્તે રૂપિયા રળી લેવાની લ્હાયમાં લપસી જાય છે અને પછી પછતાવો કરે છે. કંઇક આવી જ એક ઘટના સામે આવી છે જેમાં ક્રિપ્ટોમાં રોકાણ કરી કમાણી કરવા જતાં ટ્રાન્સપોર્ટરને સોળ લાખનો ચૂનો લાગી ગયો છે. સાયબર ગઠીયાઓને હવે પોલીસ શોધી રહી છે. ઈશિતા નામની યુવતિએ આ યુવાનને ફોન કરી ક્રિપ્ટોની વાત કરી રોકાણ માટે લલચાવી બાદમાં વ્હોટ્સએપ ગ્રુપમાં એડ કરી શિકાર કરી લીધો હતો.

આ પ્રકારની ઘટનાઓ રાજ્યભરમાં બનતી રહે છે. દરમિયાન આ વખતે રાજધાની ગાંધીનગરના એક ટ્રાન્સપોર્ટર સાયબર ફ્રોડનો શિકાર થયા છે. ગાંધીનગરના પેથાપુરમાં રહેતા અને ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરતા એક યુવકને ક્રિપ્ટો કરન્સીમાં ટ્રેડિંગ કરી સારા નફાની લાલચ આપી ગઠિયાઓએ ૧૫.૯૫ લાખ રૃપિયા ખંખેરી લીધા હોવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. આ મામલે ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ



ધરી છે. હાલમાં સમગ્ર દેશની અંદર સાયબર ક્રાઇમની ઘટનાઓ ખૂબ જ વધી રહી છે. સાયબર ગઠિયાઓ દ્વારા લોકોને લોભામણી લાલચો આપીને રોકાણ કરાવીને છેતરવામાં આવી રહ્યા છે ત્યારે આ વખતે ગાંધીનગર શહેર નજીક આવેલા પેથાપુરમાં રહેતો યુવાન પણ સાયબર ગઠિયાઓની જાળમાં ફસાયો હતો.

આ ઠગાઇ મામલે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે મૂળ ઉત્તરપ્રદેશના અને હાલ પેથાપુરમાં મુલચંદ પાર્ક ખાતે રહેતા શહજાદ અહમદ અબ્દુલ રૌફ અન્સારી ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરે છે. તેના મોબાઈલ પર ઈશા ગુપ્તા ઉર્ફે રીતિશા ગુપ્તા નામની મહિલાનો ફોન આવ્યો હતો. તેણે ક્રિપ્ટો કરન્સીમાં ટ્રેડિંગ કરી વધુ રૂપિયા કમાવી આપવાની લાલચ આપી હતી. જેના પગલે શહજાદ અહમદ દ્વારા તેમાં રસ દાખવવામાં આવ્યો હતો. જેથી ઈશા ગુપ્તાએ તેમને બલબિરસિંગ ગીલ નામના વ્યક્તિ સાથે સંપર્ક કરાવ્યો હતો. બલબિરસિંગે યુવાનને વોટ્સએપ ગ્રુપમાં એડ કર્યો હતો અને એક વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરાવ્યું હતું.

આ ટોળકી યુવાનને ટ્રેડિંગની ટીપ્સ આપતી હતી અને નફામાંથી ત્રીસ ટકા હિસ્સો અલગથી મંગાવી લેતી હતી. આ ગઠિયાઓની વાતોમાં આવી જઈને યુવાન દ્વારા પંદર દિવસમાં ૧૫.૯૫ લાખ રૂપિયાની રકમ અલગ અલગ બેંક એકાઉન્ટમાંથી જમા કરાવી દેવામાં આવી હતી. જેની સામે આ યુવાનને ૬૪,૪૦૪ જેટલો યુએસ ડોલરનો નફો પણ બતાવવામાં આવ્યો હતો અને તે રૂપિયા ઉપાડવાનો પ્રયાસ કરતા તે ઉપડી શકતા ન હતા.

જે સંદર્ભે બલબિરસિંગને પૂછતા તેણે કસ્ટમર કેરમાં વાત કરવા માટે કહ્યું હતું અને જેથી કસ્ટમર કેરમાં વાત કરતા સ્કોર મેન્ટેનના નામે વધુ પંદર હજાર ડોલરની માંગણી કરવામાં આવી હતી. જેથી આ યુવાનને તેની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતાં આ સંદર્ભે સાયબર ક્રાઇમમાં ફરિયાદ કરી હતી અને હાલ ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઇમ પોલીસ દ્વારા ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરવામાં આવી હતી. આ પ્રકારની ઠગાઇ સતત થતી રહે છે, લોકો સતત છેતરાતા રહે છે. સાયબર ક્રાઇમ પોલીસ પણ લોકોને આવા ફ્રોડ સામે જાગૃત કરવા પ્રયત્નશીલ રહે છે આમ છતાં લોકો જાગૃત થતાં નથી અને લાલચમાં આવી લપેટાઇ જાય છે.

### ડોક્ટરને લોકો ભગવાનનું બીજુ સ્વરૂપ સમજે છે, પણ અહિ મોત માટે જીમ્મેદાર બન્યાનો આરોપ

# બે ડોક્ટરની બેદરકારીથી એન્જિનીયરે ગુમાવ્યો જીવ!

## કુવાડવા રોડની ખાનગી હોસ્પિટલના તબિબ સહિત બે વિરૂધ્ધ બી-ડિવીઝન પોલીસમાં એફઆઈઆર દાખલ થતાં ખળભળાટઃ તબિબી આલમમાં ચકચાર

રાજકોટ, તા. ૧૩

લોકો ડોક્ટરને ભગવાનનું બીજુ સ્વરૂપ સમજતાં હોય છે.. ડોક્ટર કહે એ બધુ મોટા ભાગના લોકો માની લેતાં હોય છે. પરંતુ ઘણીવાર ડોકટરને કારણે કોઇનો જીવ જાય તો? અને એ પણ કોઇ પરિવારનો યુવાન અને એકનો એક દિકરો હોય તો? તો આવા કિસ્સામાં જે તે પરિવાર દ્વારા ફોજદારી ફરિયાદનો સહારો લવાયો હોય છે. આવી જ ઘટના રાજકોટમાં સામે આવી છે. જેમાં શહેરના કુવાડવા રોડ પર આવેલી સ્કંદ લાઇફ કેર હોસ્પિટલના બે ડોક્ટરો, ડૉ. હાર્દિક સંધાણી અને ડૉ. જીજ્ઞેશ પટેલ વિરૂધ્ધ સારવારમાં બેદરકારને લીધે ૨૮ વર્ષીય એન્જિનીયર યુવાનના મૃત્યુ માં બંનેએ બેદરકારી દાખવી હોવાનો આરોપ મુકાયો છે.

આ પ્રકાર ગંભીર ફરિયાદની વિગતો જોઇએ તો ડેન્ગ્યુની સારવાર માટે દાખલ થયેલા એન્જિનિયર યુવક જય સુભાષભાઈ રેણપરાના મૃત્યુ બાદ તેમની માતા ચાંદનીબેન રેણપરાએ પોલીસ કમિશનરને અરજી કરી હતી. એ દરમિયાન સિવિલ હોસ્પિટલ તરફથી પણ અભિપ્રાય આવતાં તેના આધારે હવે બી-ડિવીઝન પોલીસ સ્ટેશનમાં વિગતવાર ફરિયાદ નોંધવામાં આવી છે. આ બનાવમાં બી-ડિવીઝન પોલીસે મૃત્યુ પામનાર યુવાન સેટેલાઇટ ચોક શેરી નં. ૧ પેડક રોડ ખાતે રહેતાં જય સુભાષભાઇ રેણપરા (ઉ.વ.૨૮)ના માતા ચાંદનીબેન સુભાષભાઇ રેણપરા (ઉ.વ.૪૯)ની ફરિયાદ પરથી કુવાડવા રોડ પર આવેલી સ્કંદલાઈફ કેર હોસ્પિટલના ડોક્ટર હાર્દિક સંધાણી અને ડો. જીજ્ઞેશ પટેલ વિરૂધ્ધ સારવારમાં ગંભીર બેદરકારી રાખી જયનું મૃત્યુ નીપજાવવાનો ગુનો નોંધતા તબિબી આલમમાં ચકચાર જાગી છે.

ચાંદનીબેન રેણપરાએ ફરિયાદમાં જણાવ્યું છે કે હું મારા પરીવાર સાથે રહુ છું અને ઘરકામ કરુ છુ.મારા પતિ સુભાષભાઈને રણછોડ આશ્રમ રોડ ઉપર ગાયત્રી ઓટો નામે ઓટો પાર્ટની દુકાન આવેલ છે જે હું ચલા વુ છું.

તેમણે આગળ કહ્યું કે મારે સંતાનમાં એક દિકરો જય (ઉ.વ.૨૮) હતો તથા દિકરી લેન્સી છે, મા રા દિકરા જયનાં પત્નીનુ નામ પુજાબેન છે. મારા દિકરા જયને સંતાનમાં એક દિકરો નિવ જે ૪ મહિનાનો છે. જય ઇલેકટ્રીકલ એન્જીનિયર હતો અને ફોરવ્હીલ લે વેચનો ધંધો કરતો હતો. અમારા ઘરમાં કોઇને મેજર બીમારી નથી. ગઇ તા.૧૮/૦૯/૨૦૨૪ના ર ોજ મારા દિકરાને તાવ આવતો હોઇ માથુ દુઃખતું હોઇ ફેમીલી ડોક્ટર પાસે દવા લીધી હતી અને લોહીના રિપોર્ટ કરાવ્યા બાદ ડેન્ગ્યુની અસર જણાતાં તેને અમે કુવાડવા રોડ ડી માર્ટ નજીક આવેલી સ્કંદ લાઇફ કેર હોસ્પિટલમાં દાખલ કર્યો હતો. ફરિયાદ મુજબ એ જ દિવસે રાત્રે જયના પ્લેટલેટ્સ ઘટીને ૧૫,૦૦૦ થયા હતા. પરંતુ હોસ્પિટલમાં ડોક્ટરની ગેરહાજરી જણાવાઈ હતી.

ત્યારબાદ ૨૦ સપ્ટેમ્બરના રોજ સવારે પ્લેટલેટ્સ વધુ ઘટીને ૧૧,૦૦૦ થયા હોવા છતાં ડો. સંધાણીએ તબિયત સુધારા પર હોવાનું જણાવ્યું હતું. જો કે એ પછી બપોરે અચાનક જયની તબિયત ગંભીર રીતે બગડી અને તેને અસહ્ય નબળાઈ આવી, ત્યારે પણ ડો. હાર્દિક સંધાણી હોસ્પિટલમાં હાજર નહોતા. મૃતક યુવકના માતા ચાંદનીબેનનો આક્ષેપ છે કે, જયની સ્થિતિ ગંભીર બન્યા પછી ડો. સંધાણીના પત્નિ જે પોતે સ્કિનના ડોક્ટર છે, તે તપાસ માટે આવ્યા અને ઇન્જેક્શન આપી સારું થઈ જશે તેમ જણાવ્યું હતું. જયના હાથ-પગ ઠંડા પડવા લાગતા તેને તાત્કાલિક આઇસીયુમાં દાખલ કરાયો અને ડૉ. સંધાણીના પત્નિએ જ સારવાર ચાલુ કરી હતી. થોડા સમય પછી ડૉ. હાર્દિક સંધાણી આવ્યા અને જયનું બીપી વધી ગયું હતું, હવે કંટ્રોલમાં છે તેમ જણાવ્યું હતું. ગંભીર સ્થિતિને જોતા પરિવારે અન્ય હોસ્પિટલમાં રિફર કરવાની વાત કરી ત્યારે ડૉ. સંધાણીએ તેમને રોક્યા અને જણાવ્યું કે હવે વૉકહાર્ટ હોસ્પિટલના ડૉ. જીજ્ઞેશ પટેલ સારવાર સંભાળશે.

આ પછી સાંજે ૬ વાગ્યે ડૉ. જીજ્ઞેશ પટેલે જયની સારવાર શરૂ કરી. તે સમયે પ્લેટલેટ્સ ૨૮,૦૦૦ હતા.






**ડેન્ગ્યુની સારવાર માટે ૨૮ વર્ષના યુવાનને દાખલ કરાયો પછી ડોક્ટરોએ સારવારમાં ધ્યાન જ ન દીધુઃ બીજે લઇ જવાનું પરિવારે કહેતાં એમ પણ ન કરવા દીધુંઃ છેલ્લે જાણ બહાર ડોક્ટર જ બીજી હોસ્પિટલમાં લઇ ગયા અને યુવાનનો જીવ ગયોઃ ફરિયાદમાં માતાના ચોંકાવનારા આક્ષેપો**

ડૉ. પટેલે તબિયત ક્રિટીકલ હોવા છતાં બધું સંભાળી લેશે તેવીી ખાતરી આપી હતી. પરિવારના સગા પ્રિયંકાબેન જે પોતે એમબીબીએસ ડૉક્ટર છે, તેમણે પણ મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલમાં રિફર કરવાની સલાહ આપી, પરંતુ ડૉ. જીજ્ઞેશ પટેલે ત્યારે પણ એવુ કહેલું કે તમે કોઈ પણ હોસ્પિટલમાં જાઓ, અમે આપીએ એ જ સારવાર આપવામાં આવશે. અને તેમને ક્યાંય જવાની જરૂર નથી. જોકે, થોડીવાર બાદ ડૉ. પટેલ પણ હોસ્પિટલમાંથી જતા રહ્યા. સાંજે સાડા સાતેક વાગ્યે જયની તબિયત ફરી બગડી જતાં તેને આઇસીયુમાં લઇ જવાયો હતો.

જ્યાં તે તડફડિયા મારતો હતો અને તે સમયે માત્ર બે નર્સ હાજર હતા, કોઈ ડોક્ટર નહોતા. રાત્રે સવા આઠેક વાગ્યે ડૉ. જીજ્ઞેશ પટેલ પાછા આવ્યા અને સારવાર શરૂ કરી, પરંતુ રાત્રે ૯ વાગ્યે જયને વૉકહાર્ટ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો. જ્યાં અડધા કલાકની સારવાર બાદ જય રેણપરાને મૃત જાહેર કરાયો હતો. ફરિયાદી ચાંદનીબેનનો મુખ્ય આક્ષેપ છે કે સ્કંદ લાઇફ કેર હોસ્પિટલે મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલ હોવા છતાં ડૉ. સંધાણીએ અધવચ્ચે સારવાર છોડી દીધી, સ્કિન ડૉક્ટર એવા તેમના પત્નિએ સારવાર આપી અનેડો. જીજ્ઞેશ પટેલે પણ ક્રિટીકલ સ્થિતિ હોવા છતાં અન્ય હોસ્પિટલમાં રિફર ન થવા દઈ બેદરકારી દાખવી હતી, જે યુવકના મૃત્યુનું કારણ બની.

આ ફરિયાદના આધારે પી.ડી.યુ. રાજકોટના તબીબી અધિક્ષકે પણ ડૉક્ટરની બેદરકારીને કારણે મૃત્યુ થયું હોવાનું પ્રાથમિક તારણ આપ્યું છે. ડિવિઝનલ પોલીસે હવે ડો. હાર્દિક સંધાણી અને સારવારમાં જોડાયેલા ડૉક્ટરો વિરૂધ્ધ ગુનો દાખલ કરાયો છે. બી-ડિવીઝનના પોલીસ ઇન્સ. એસ. એસ. રાણે, હીરાભાઇ રબારી સહિતની ટીમે ઉચ્ચ અધિકારીઓની રાહબરીમાં વધુ તપાસ શરૂ કરી છે. આ બનાવે તબીબી આલમમાં ચકચાર જગાવી દીધી છે.

# કૈલાસનગરમાં યુવતીનો આપઘાત

## આત્મહત્યાનું કારણ અકબંધ ગાંધીગ્રામ પોલીસે શરુ કરી તપાસ

રાજકોટ, તા.૧૩

ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન પાછળ આવેલા કૈલાશ નગર વિસ્તારમાં આજે એક યુવતીએ અકળ કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર જાગી છે.

કૈલાશનગર શેરી -૨ માં રહેતા જયંતભાઈ રાજપરાની બે દીકરીમાની નાની જીલબેન ઉ.૨૩ એ આજે બપોરે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવની જાણ પરથી પરિવારજનોએ તાત્કાલિક સરકારી એમ્બ્યુલન્સ ૧૦૮ ના સ્ટાફને બનાવ સ્થળે બોલાવ્યો હતો પણ ફરજ પરના ઈએમટી સૌરભભાઈએ જીલ્બેનને જોઈ તપાસીને મૃત જાહેર કર્યા હતા.



બનાવ બાબતે ગાંધીગ્રામ પોલિસના તપાસનીશ હેડ કોન્સ્ટેબલ મિહિરસિંહ બારડે રાજકોટ મિરરને જણાવ્યું હતું કે પ્રાથમિક તપાસમાં બનાવ સ્થળેથી કોઈ ચિઠ્ઠી-ચબરખી મળી નથી, પરિવારજનો પણ જીલના પગલાથી અજાણ છે. મૃતક યુવતીના પિતા સામાન્ય છૂટક વ્યવસાય કરે છે. તેમજ પરિવારમાં જીલ સાથે કોઈ બોલાચાલી કે ઝગડો ના થયો હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું.

પોલીસે જીલના મૃતદેહને પીએમ માટે સરકારી હોસ્પિટલે ખસેડીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### આડાઅવળા સંબંધોને લીધે થતી માથાકુટ વારંવાર વકરે છેઃ વધુ એક લોથ ઢળી

# પ્રેમિકા સાથે રહેતાં યુવાનની હત્યાઃ પ્રેમીકા ગૂમ

## પાંચ સંતાનો અને પત્નિને છોડી યુવાન બે સંતાનની માતા એવી પ્રેમિકા સાથે રહેતો હતોઃ આટકોટ પોલીસે ભેદ ઉકેલવા શરૂ કર્યો તપાસનો ધમધમાટ

રાજકોટ, તા. ૧૩

હત્યાની વધુ એક ઘટના સામે આવી છે જેમાં પ્રેમપ્રકરણને કારણે થયેલા ડખ્ખામાં યુવાનને તેની જ પ્રેમિકા સહિતે પતાવી દીધાની શંકા સાથે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ઘટના પર નજર કરીએ તો જસદણના આટકોટ પંથકમાં આ હત્યા થઇ છે. જેમાં મુળ મધ્યપ્રદેશનો યુવાના પોતાના પત્નિ અને પાંચ પાંચ સંતાનોને છોડીને પરણેલી પ્રેમિકા તથા તેના બે સંતાન સાથે રહેતો હતો. આ યુવાન વાડીના રૂમમાંથી લોહીલુહાણ મળ્યા બાદ તેને સારવાર માટે રાજકોટ ખસેડાયો હતો. પરંતુ અહિ મોત થયું હતું. વાડી માલિક વાડીએ પહોંચ્યા ત્યારે રૂમ બહારથી બંધ હતો, ખોલીને જોતાં આ મજૂર બેભાન મળ્યો હતો. વળી તેની પ્રેમિકા પોતાના સંતાનો સાથે ગાયબ હોઇ પોલીસ હવે તેણીને શોધી રહી છે.

વિગતો પર નજર કરીએ તો મુળ મધ્યપ્રદેશનો વતની અને ઘણા વર્ષથી જેતપુરના મેવાસાના પાદરમાં ઝૂપડામાં પરિવારજનો સાથે રહેતો તેત્રી વર્ષનો થાવુ ઉર્ફે મહેશ નામનો યુવાન હાલ છએક મહિનાથી આટકોટના મોટા દડવાની સીમમાં ગીરીશભાઇ પારઘીની વાડીમાં પોતાની પ્રેમિકા રેશ્મા અને તેણીના દિકરા-દિકરી સાથે રહેતો હોઇ બે દિવસ પહેલા મોડી રાતે તે વાડીના રૂમમાંથી લોહીલુહાણ મળી આવ્યો હતો, બાજુમાં લોહીવાળુ ત્રીકમ પણ હતું. પ્રેમિકા તેના સંતાનો સાથે ગાયબ હતી. પોલીસે હત્યાની કોશિષનો ગુનો નોંધી તપાસ શરૂ કરી ત્યાં થાવુનું રાજકોટમાં મોત થતાં હત્યાની કલમ ઉમેરવામાં આવી હતી. રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકા નજીક મોટા દડવાની સીમમાં આવેલી એક વાડીમાં ભાગીયા તરીકે રહેતા તેત્રીસ વર્ષના યુવક થાવુ ઉર્ફે મહેશભાઈ વસુનીયા પર અગીયારમીના રાત્રે કોઇએ માથાના ભાગે ત્રિકમ કે અન્ય કોઈ તીક્ષ્ણ






હથિયાર વડે ગંભીર પહોંચાડતાં તેના કારણે તેને હેમરેજ થયું હતું અને માથામાં ચૌદ ટાંકા લેવા પડ્યા હતાં.

આ યુવાન રાજકોટ સારવાર હેઠળ હતો. આ બનાવમાં આટકોટ પોલીસે જેતપુરના મેવાસા ગામના પાદરમાં ઝૂપડામાં રહેતાં મુસળ જાંબુવા નવાપરા મધ્યપ્રદેશના મુકેશ પીશુભાઇ વસુનીયાની ફરિયાદ પરથી અજાણ્યા વિરૂધ્ધ મુકેશના મોટા ભાઇ થાવુ ઉર્ફ મહેશ પીશુભાઇ વસુનીયા કે જે તેત્રીસ વર્ષનો હતો ત્યારે વાડીએ કોઇપણ વસ્તુથી હીચકારો હુમલો કરી માથામાં હેમરેજ કરી નાંખી ગંભીર ઇજા પહોંચાડી મારી નાખવાના પ્રયાસનો ગુનો નોંધ્યો હતો. પત્નિને છોડીને થાવુ ઉર્ફ મહેશ પ્રેમિકા અને તેણીના દિકરા-દિકરી સાથે રહેતો હતો. સારવારમાં મોત થતાં બનાવ હત્યામાં પલ્ટાયો હતો. હત્યા પ્રેમપ્રકરણમાં થયાની શક્યતાએ પોલીસે તપાસ હાથ ધરી છે. થાવુ ઉર્ફે મહેશ છેલ્લા છ મહિનાથી મોટા દડવા ગામે ગિરીશભાઈ ભીમજીભાઈ પારઘીની વાડી ભાગવી રાખી ત્યાં રહેતો હતો.

બારમીના સવારે આશરે સવા છ વાગ્યે થાવુના શેઠ ગીરીશભાઈ વાડીએ ગયા ત્યારે વાડીની ઓરડીનું બારણું બહારથી બંધ હતું. બારણું ખોલીને અંદર જોતા થાવુ ખાટલા પર લોહીલુહાણ અને બેભાન હાલતમાં પડેલો હતો. ખાટલાની બાજુમાં લોહીવાળો ત્રિકમ પણ પડેલો હતો. તાત્કાલિક થાવુને ૧૦૮ મારફતે ગોંડલ અને ત્યારબાદ વધુ સારવાર માટે રાજકોટની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેની હાલત ગંભીર હોવાનું અને માથામાં હેમરેજ થયાનું ડોક્ટરોએ જણાવ્યું હતું. આથી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. અહિ આજે તેનું મોત થયું હતું.

હત્યાનો ભોગ બનનાર થાવુ ઉર્ફે મહેશને રેશ્માબેન ઝાઉડા સાથે પ્રેમ સંબંધ હોવાથી તે પત્નિને છોડીને છેલ્લા બે વર્ષથી પ્રેમિકા સાથે રહેતો હતો. હાલમાં છ મહિનાથી બંને ગીરીશભાઇની વાડીમાં રહેતા હતાં. રેશ્માબેનનો દિકરો-દિકરી પણ અહિ જ રહેતાં હતાં. જ્યારે થાવુ ઉર્ફ મહેશની પત્નિ મમતાબેન મેવાસા ખાતે પરિવાર સાથે રહે છે. થોડા સમય પહેલા મમતાબેન મોટા દડવા ગયા હતા ત્યારે રેશ્માએ ભેગા રહેવા બાબતે ઝઘડો કર્યો હોવાનું પણ ફરિયાદમાં નોંધાયું હતું. બનાવ બન્યા બાદ થાવુ સાથે રહેતા રેશ્માબેન અને તેના દીકરા-દીકરીઓ મોટા દડવા ગામથી ક્યાંક ચાલ્યા ગયા હોઇ અને ફોન પણ બંધ આવતાં હોઇ તેના તરફ શંકા વ્યક્ત થઇ હતી. ફરિયાદી મુકેશ વસુનીયાએ પણ ફરિયાદમાં ભાઇને તેની પ્રીમકા રેશ્માબેન સહિતે મારી નાંખ્યાની શંકા દર્શાવી હતી.

આટકોટ પીએસઆઇ એમ. બી. બારૈયાએ હત્યાની કોશિષનો ગુનો નોંધ્યો હતો. સારવારમાં મોત થતાં હત્યાની કલમ ઉમેરવા અને આરોપીને શોધી કાઢવા તપાસ શરૂ કરી હતી. હત્યાનો ભોગ બનનાર ચાર ભાઇ અને બે બહેનમાં વચેટ હતો. તેને સંતાનમાં ત્રણ દિકરા અને બે દિકરી છે. થાવુ ઉર્ફ મહેશની હત્યા પ્રેમિકાએ જ કોઇનો સાથ લઇને કરી કે અન્ય કોઇએ? તેની તપાસનો ધમધમાટ શરૂ થયો છે. આમ પ્રેમપ્રકરણમાં વધુ એક હત્યા થઇ ગઇ છે.

### નાના મોટા કારણોસર હત્યાની બની રહેલી ઘટનાઓમાં સતત વધારો

# સાંજે ઘરેથી નીકળેલી યુવતીની સવારે મળી લાશ

## મહિલાના મર્ડર સર્જીદ દીધા રહસ્યના આટાપાટાઃ બીજી ઘટનામાં કલેશને કારણે પતિએ પત્નિને ક્રુરતાથી પતાવી દીધી

રાજકોટ, તા. ૧૩

રાજ્યભરમાં નાના મોટા નવા જુના કારણોસર હત્યાની ઘટનાઓ બનતી રહે છે. વધુ એક રહસ્યમય હત્યાની ઘટના સામે આવી છે જેમાં એક મહિલા ઘરેથી નીકળ્યા બાદ તેની લાશ મળી આવી હતી. મહિલાનું ગળુ દાબીને હત્યા કરવામાં આવી છે. જો કે હત્યા કોણે અને શા માટે કરી? તેની કડી મેળવવા તપાસ શરૂ થઇ છે. બીજી તરફ એક ઘટનામાં કલેશને કારણે પરિણીતાની પતિએ હત્યા કરી નાંખી છે.

વિગતો પર નજર કરીએ તો એક હત્યા વડોદરા શહેરના ગોરવા વિસ્તારની આમ્રપાલી સોસાયટીમાં રહેતી ૩૬ વર્ષીય પરિણીત મહિલા અજીજા ઇસ્માઇલ દિવાનની દુપટ્ટાથી ગળું દબાવી હત્યા કરીને મૃતદેહ શહેરથી આશરે આઠ કિલોમીટર દૂર અંકોડિયા ગામના ઝાડી-ઝાંખરામાં ફેંકી દેવામાં આવ્યો હતો. ગત રોજ સ્થાનિકોને મૃતદેહ મળી આવતાં ચકચાર મચી જવા પામી હતી. આજે પોલીસે મૃતક મહિલાનો મોબાઈલ કબજે કરી એફએસમાં મોકલ્યો છે. જ્યારે આ હત્યા કોણે કરી તે દિશામાં તપાસ માટે પોલીસે સોથી વધુ સીસીટીવી ફૂટેજ તપાસ્યા છે. મૃતક અજીજા છેલ્લા છ મહિનાથી પતિ સાથે અણબનાવને કારણે પોતાના માતા-પિતાના ઘરે રહેતી હતી, તેને એક પુત્ર રેહાન પણ છે. તે ઘરેથી નીકળી હતી, પરંતુ રાત્રે ઘરે પરત ન ફરતાં પરિવારજનોએ શોધખોળ શરૂ કરી હતી.

બીજા દિવસે સવારે અંકોડિયા ગામ પાસેના ખેતર વિસ્તારમાંથી મૃતદેહ મળતાં તાલુકા પોલીસના પીઆઈ વી.એમ. ટાંક ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. પંચનામું બનાવી લાશને પોસ્ટમોર્ટમ માટે ગોત્રી હોસ્પિટલ



મોકલી હતી. પ્રાથમિક તપાસમાં ગળામાં દુપટ્ટાનો નિશાન લાગતો હોવાથી ગળું દબાવી હત્યા કરવામાં આવી હોવાનું સામે આવ્યું હતું. હત્યારાને ઝડપી પાડવા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કરી દીધો હતો. મહિલાના ઘરથી લાશ મળી હતી તે સ્થળ સુધીના આખા રૂટ પર આવતા સોથી વધુ સીસીટીવી ફૂટેજ તપાસવામાં આવ્યા છે. તેમજ ઘટનાસ્થળની ઝાડીઓમાંથી મૃતકનો મોબાઇલ ફોન મળી આવ્યો છે, જેને ફોરેન્સિક તપાસ માટે એફએસએલમાં મોકલી આપવામાં આવ્યો હતો.

પોલીસ હવે કોલ ડિટેઇલ રેકોર્ડ અને મોબાઇલની ટેકનીકલ તપાસ શરૂ કરી છે કે હત્યા પહેલાં મહિલા કોના સંપર્કમાં હતી અને તે ગોરવાથી અંકોડિયા સુધી કેવી રીતે પહોંચી? અપહરણનો મામલો છે કે કોઈ ઓળખીતા દ્વારા મળવા બોલાવીને હત્યા કરવામાં આવી છે તે દિશામાં પણ તપાસ ચાલુ કરી હતી.

બીજી હત્યાની ઘટના ભુજનાં રેલવે સ્ટેશન નજીક આવેલા દાદુપીર માર્ગે પર બની છે. અહિ રહેતી એક ત્રીસ વર્ષની મહિલાની હત્યા કરવામાં આવી હતી. ધારદાર હથીયારના ઘા ઝીંકી તેણીને પતાવી દેવાઇ હતી. પોલીસે તપાસ કરતાં આ મહિલાની તેના પતિએ જ હત્યા કરી હોવાનું સામે આવ્યું હતું. આ હત્યા ઘર કંકાસના કારણે ઉશ્કેરાટમાં થઈ હોવાનું અનુમાન છે. ઘટનાસ્થળેથી મળતી માહિતી અનુસાર પતિ-પત્નિ વચ્ચે ઝઘડો થયો હતો. હત્યાને અંજામ આપ્યા બાદ આરોપી પતિએ પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું. ભુજ બી-ડિવિઝન પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને વધુ તપાસ ચાલી રહી છે.

## મનપા રાજકોટ શહેરનું બ્યુટીફિકેશન કરવા જરૂરી પગલા લઈ રહી છે

# સર્કલ ડેવલોપ કરવા ભરવું પડશે પ્રીમિયમ

## મનપાએ ૧૧ સર્કલો માટે નક્કી કરી અપસેટ કિંમત : ટેન્ડરમાં લોકેશન મુજબ રૂા.૧.૫૧ લાખથી રૂા.૪ લાખ સુધીના ભાવ

રાજકોટ, તા. ૧૩


મહાનગરપાલિકા રાજકોટ શહેરનું બ્યુટીફિકેશન કરવા માટેના તમામ જરૂરી પગલાઓ લઈ રહી છે ત્યારે શહેરના જુદા જુદા વિસ્તારોમાં આવેલા મુખ્ય ચોક તથા નવા ભળેલા અને હજુ ડેવલોપ થઈ રહેલા વિસ્તારોમાં ચોકમાં નવા સર્કલ અને ટ્રાફિક આઈલેન્ડ ડેવલપ કરવા માટે નવી નીતિનું અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. જે માટે મહાનગરપાલિકા દ્વારા અલગ અલગ વિસ્તારમાં કુલ ૧૧ સર્કલ ડેવલોપ કરવા માટે ઓફર મંગાવવામાં આવી હતી જેના માટે મનપાયે વાર્ષિક અપસેટ પ્રીમિયમ પણ જાહેર કર્યું છે. સાથોસાથ આકર્ષણ ગણાતા ફુવારા ને પણ એજન્સીએ વિકસિત કરવાનો ઉલ્લેખ બે સર્કલમાં કરેલો હોવાનું મહાનગરપાલિકાના સૂત્રો જણાવી રહ્યા છે. હાલ જોવાનું એ રહ્યું કે જે અપસેટ કિંમત નક્કી કરવામાં આવી છે તે મુજબ મહાનગરપાલિકાને આવક થાય છે કે કેમ?

રાજકોટના વિવિધ વિસ્તારો તથા મુખ્ય માર્ગોને આકર્ષક બનાવવા માટે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ કરવામાં આવી રહી છે. રાજકોટ શહેરમાં અનેકવિધ સર્કલો ખાનગી પેઢીઓએ વિકસિત કર્યા છે જેમાં મહાનગરપાલિકાને કોઈપણ પ્રકારનો ખર્ચ થતો નથી તેના બદલ જે તે પ્રોપર્ટી નો પ્રચાર પ્રસાર થાય તે માટે એજન્સીઓ તેનો ઉપયોગ કરે છે. અને આ પ્રચાર પ્રસાર પણ ચોક્કસ મુદત માટે જ કરવામાં આવતો હોય છે તેમાં પણ કોઈ શંકાને સ્થાન નથી. જાણવા જેવી બાબતો એ છે કે વચગાળાના સમયમાં અનેક મુખ્ય માર્ગો પર ટ્રાફિકની સમસ્યા વિકરાળ જોવા મળી હતી અને પહેલા આજે સર્કલ બનાવવામાં આવતા હતા તે પણ ખૂબ મોટા હતા પરિણામ સ્વરૂપે તેને ટ્રાફિક અડચણરૂપ ન થાય તે માટે સર્કલ નાના કરી આકર્ષક થીમ મુકવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જયારે મહાનગરપાલિકા દ્વારા બ્યુટીફિકેશન ને લઈને અનેકવિધ વખત પોતાની નીતિઓમાં બદલાવ કરવામાં આવ્યો છે ત્યારે આ વખતે અલગ અલગ સર્કલમાં વાર્ષિક પ્રીમિયમની અપસેટ કિંમત નક્કી કરવા નો નિર્ણય લેવામાં આવ્યો છે અને તે દિશામાં હાલ પગલું પણ ભરવા આવ્યું છે.

સર્કલ ડેવલોપ કરવા ઇચ્છતી કોઈપણ સંસ્થાઓ અથવા કંપનીઓ તેઓએ અલગ અલગ થી ઉપર સર્કલ ડેવલોપ કરી શહેરની સુંદરતામાં વધારો કરવામાં આવી રહ્યો છે પરંતુ સર્કલ દત્તક લેવા માટે અન્ય ટેન્ડરની જેમ અપસેટ ભાવ નક્કી કરાતા ન હતા. જેથી હવે દરેક સર્કલમાં લોકેશન મુજબ અપ્સેટ પ્રાઇઝ નક્કી કરાશે અને આ માટે ૧૧ સર્કલ નું ટેન્ડર પણ પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યું છે.

જેમાં સોરઠિયાવાડી સર્કલ, જલગંગા ચોક સંત કબીર રોડ, સેટેલાઇટ ચોક પેડક રોડ, બાલક હનુમાન ચોક પેડક રોડ, આહિર સર્કલ નહે નગર ૮૦ ફૂટ રોડ, માધાપર મેઈન રોડ એઈમ્સ રોડ જંકશન સર્કલ, સ્વ.શ્રી નારાણભાઇ કુંગશીયા ચોક વોર્ડ ઓફિસ ૩ સામે રેલનગર, સ્વામી નારાયણ ચોક કૃષ્ણનગર મેઈન રોડ, કોલસાવાડી સર્કલ ગેબેનસા પીર રોડ, બાપાસીતારામ ચોક મવડી મેઈન રોડ, પટેલ ચોક હરી ધવા રોડ સહિતના ૧૧ સર્કલો દતક આપવા માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. વધુ પ્રીમિયમ મળી શકે તે માટે ટેન્ડરમાં લોકેશન મુજબ રૂા.૧.૫૧ લાખથી રૂા.૪ લાખ સુધીની અપસેટ પ્રાઇઝ નક્કી કરવામાં આવી છે.

૮૦ ફુટ રોડના સોરઠીયાવાડી સર્કલનું આકર્ષણ ફુવારો છે તો ગેબનશાહ પીર રોડ પર કોલસાવાડીના સર્કલમાં પણ વર્ષો પહેલા ફુવારો હતો. આ બંને સર્કલ ફુવારા સાથે ડેવલપ કરવા ઓફર મંગાવવામાં આવી છે. સોરઠીયાવાડીના સર્કલનું અપસેટ પ્રિમીયમ ૪ લાખ અને કોલસાવાડીના સર્કલનું પ્રિમીયમ રૂા.૧.૫૧ લાખ નકકી કરવામાં આવ્યું છે.




# રાજકોટમાં AQI 225ને પાર

## વહેલી સવારે એર ક્વોલિટી ઈન્ડેક્સ જોખમી : લોકોના સ્વાસ્થ્ય પર જોખમ, નિવારણ લાવવામાં તંત્ર નિષ્ફળ



રાજકોટ, તા. ૧૩

એર ક્વોલિટી ઇન્ડેક્સ (AQI) એ દૈનિક હવા ગુણવત્તા રિપોર્ટિંગ ઇન્ડેક્સ છે. તે માપે છે કે ટૂંકા ગાળામાં વાયુ પ્રદૂષણ વ્યક્તિના સ્વાસ્થ્યને કેવી રીતે અસર કરે છે. અચઈ નો હેતુ લોકોને સમજવામાં મદદ કરવાનો છે કે સ્થાનિક હવા ગુણવત્તા તેમના સ્વાસ્થ્યને કેવી રીતે અસર કરે છે. પર્યાવરણીય સુરક્ષા એજન્સી (EPA) પાંચ મુખ્ય વાયુ પ્રદૂષકો માટે અચઈ ની ગણતરી કરે છે જેના માટે જાહેર આરોગ્યને સુરક્ષિત રાખવા માટે રાષ્ટ્રીય હવા ગુણવત્તા ધોરણો સ્થાપિત કરવામાં આવ્યા છે. અચઈ મૂલ્ય જેટલું ઊંચું હશે, વાયુ પ્રદૂષણનું સ્તર એટલું ઊંચું હશે અને આરોગ્યની ચિંતાઓ એટલી જ વધારે હશે. છેલ્લા ત્રણ દાયકાથી ઘણા વિકસિત દેશોમાં અચઈ ખ્યાલનો વ્યાપકપણે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. અચઈ ઝડપથી વાસ્તવિક સમયની હવા ગુણવત્તાની માહિતીનો પ્રસાર કરે છે.

રાજકોટ શહેરમાં હવા પ્રદૂષણ સતત વધી રહ્યુ હોય તેમ એર ક્વોલિટી ઈન્ડેક્ષમાં છેલ્લા એક સપ્તાહમાં ત્રણ ગણો વધારો જોવા મળ્યો છે. મહાનગરપાલિકાના પર્યાવરણ વિભાગમાંથી પ્રાપ્ત થયેલ વિગત મુજબ અમૂક ભારે વાહનોની ભીડભાડ વાળા વિસ્તારોમાં એક ક્વોલિટી ઈન્ડેક્ષ ૨૨૫ની સપાટીએ પહોંચી જતા લોકોને ગળામાં બળતરા તેમજ વૃધ્ધો અને બાળકોને શ્વાસ લેવાની સમસ્યા ઉભી થઇ હોવાનુ અને બિમાર તેમજ અશકત વ્યકિતઓને ઘરની બહાર નિકળવુ મુશ્કેલ બન્યુ છે.

રાજકોટ શહેરમાં શિયાળાની શરૂઆત થતા જ અનેક વિસ્તારોમાં પ્રદૂષણ સતત વધતુ હોવાના રિપોર્ટ મનપા દ્વારા જારી કરવામાં આવ્યા છે. કમાન્ડ અને કંટ્રોલ ખાતે સેન્સર દ્વારા નોંધાયેલા આંકડા મુજબ ફરી વખત સોરઠિયાવાડી અને રેલવે સ્ટેશન ખાતે ઈન્ડેક્ષ ૨૨૫ને પાર થઇ ગયો છે. સવારે ધુમ્મસ હોય ત્યારે એર કવોલીટી ઈન્ડેસ વધતો હોવાનુ નિષ્ણાંતો જણાવી રહ્યા છે. છતાં દિવસ દરમિયાન સતત ટ્રાફિકથી ધમધમતા વિસ્તારોમાં છેલ્લા એક સપ્તાહથી એર કવોલીટી ઈન્ડેસ ૧૦૦માંથી ૨૨૫ સુધી પહોંચી ગયો છે. જેના લીધે બિમારી લોકો અને વૃધ્ધો સહિતનાને શ્વાસ લેવામાં તકલીફ પડી હોવાનુ જાણવા મળેલ છે. ગઇકાલે અને આજે જાહેર થયેલા એર કવોલીટી ઈન્ડેસ મુજબ ફરી વખત શહેરની મધ્યમાં આવેલ રેલવે સ્ટેશન વિસ્તાર અને સોરઠિયાવાડી વિસ્તારમાં એર કવોલીટી ઈન્ડેસ ૨૨૫ને પાર થયો હોવાનુ નોંધાયું છે.

રાજકોટ શહેરની વસ્તીની સાથે વાહનોની સંખ્યા વધતા અને શિયાળાની શરૂઆત થતા સુકા પવનો સાથે ધુળની ડમરીઓ ઉડતા દિવસેને દિવસે પ્રદૂષણનું પ્રમાણ ચિંતાજનક બની રહ્યું છે. શહેરની હવામાં શ્વાસ લેવો અઘરો પડી રહ્યો છે ત્યારે આજરોજ શહેરના અનેક વિસ્તારોમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) ૨૨૫ને પાર કરી ગયો હોવાનું જાણવા મળ્યું છે. મ્યુનિ.તંત્ર દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં સેન્સર મૂકવામાં આવ્યાં છે. ગુરુવારે આ સેન્સરોએ જે આકડા રજૂ કર્યા તે ચિંતાજનક જોવા મળ્યાં હતાં. સોરઠિયાવાડી સર્કલ, રેલવે જંકશન વિસ્તાર, કોર્પોરેશનની સેન્ટ્રલ ઝોન કચેરી, જામટાવર, રામદેવપીર ચોકડી, નાનામવા સર્કલ, પ્રદ્યુમ્ન પાર્ક, જોવા મળ્યો હતો. આ તમામ વિસ્તારો સૌથી વધુ પ્રદૂષિત જોવા મળ્યાં હતાં. અલબત પ્રદૂષણ વધવાનું એ કારણ ઋતુગત ફેરફાર અને સુકા પવનો સાથે ધુળ ઉડતા વાતાવરપ પ્રદૂષિત થયાનુ સામે આવ્યુ છે.

# આજીડેમ નજીક ફાયર સ્ટેશન બનાવવા મનપાની મથામણ

## ત્રીજી વખત ઓફર મંગાવતું કોર્પોરેશન, ૨૭ કરોડના પ્રોજેક્ટ માટે નથી થતું કોઈ તૈયાર

રાજકોટ, તા. ૧૩

રાજકોટ શહેર દિવસેને દિવસે વિકાસની હરણફાળ ભરી રહ્યું છે ત્યારે વિસ્તાર વાદ પણ ખૂબ વ્યાપક પ્રમાણમાં વધી રહ્યો છે ત્યારે કોઈ પણ અનિચ્છનીય ઘટના ન ઘટે તે માટે હાલ અગાઉથી જ મહાનગરપાલિકા દ્વારા પ્લાનિંગ શરૂ કરી દેવામાં આવ્યો છે જેના માટે આજીડેમ વિસ્તારમાં ફાયર સ્ટેશન બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે જે માટે અગાઉ બે વખત ટેન્ડર પણ પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યા હતા પરંતુ કોઈ તૈયાર થયું ન હતું ત્યારે ફરી વખત ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે અને આશરે ૨૭ કરોડનો ખર્ચ થવાની હાલ શક્યતા સેવાઈ રહી છે. ત્યારે આ વખતે કોઈ ટેન્ડરમાં રસ લઈએ તેવી આશા મહાનગરપાલિકા સેવી રહી છે. બીજી મોટી વાત એ છે કે રાજકોટના ઘણાખરા વિસ્તારો અત્યંત ગીચ છે પરંતુ તે જગ્યાએ જો આગની ઘટના લાગે તો ફાયર સ્ટેશન ઘણા દૂર હોય છે જેથી સમયસર પહોંચવામાં ઘણાખરા પ્રશ્નો અને અડચણ ઊભી થતી હોય તમામ વોર્ડમાં ફાયરની સુવિધા સરળતાથી ઉપલબ્ધ થાય તે માટે આધુનિક ફાયર સ્ટેશન બનાવવા ની વિચારણા હાલ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવી રહી છે જેથી આગની ઘટના પર સમયસર કાબુ મેળવી શકાય. ત્યારે હાલ પૂર્વ ઝોનના છેવાડાના વિસ્તારો કે જ્યાં મુખ્યત્વે ઈન્ડસ્ટ્રીઝ આવેલી છે અને જીઆઈડીસી એરીઓ છે જેથી તે વિસ્તારમાં જો ફાયર સ્ટેશન પૂરું થાય તો ભવિષ્યમાં મોટી દુર્ઘટના ટળી શકે અને જો આગ લાગે તો તેને સમયસર કાબુમાં પણ લાવી શકાય તે હેતુસર હાલ આજીડેમ પોલીસ સ્ટેશન પાછળના પ્લોટમાં ફાયર સ્ટેશન વિકસાવવાનો નિર્ણય મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવ્યો છે પરંતુ હાલ તે માટે કોઈ એજન્સી રસ દાખવતી ન હોવાનું પણ જાણવા મળ્યું છે.



રાજકોટના તમામ વોર્ડમાં ફાયર સુવિધા સમયસર અને સરળતાથી પહોંચે તે માટે આધુનિક ફાયર સ્ટેશન બનાવવાની કામગીરી ચાલી રહી છે. હવે પૂર્વ ઝોનના છેવાડાના ભાગ સુધી પણ જરૂરીયાત સમયે મદદ પહોંચે તે માટે આજી ડેમ ચોકમાં પોલીસ સ્ટેશન પાછળ ખુલ્લા પ્લોટમાં ફાયર સ્ટેશન બનાવવા ત્રીજી વખત ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે. આ વિસ્તાર નજીક ઔદ્યોગિક ઝોન પણ આવે છે. આથી હવે ફાયર સ્ટેશનની જરૂર છે. છતાં અગાઉ બે વખત કોઇ પાર્ટીએ ઓફર આપી નથી. શહેરનો વ્યાપ વધતા દુરના વિસ્તારોમાં પણ ફાયર સ્ટેશનની માંગ અને જરૂરીયાત ઉભી થતા વધુ એક ફાયર સ્ટેશન બનાવવા માટે કોર્પોરેશનને ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી છે.

વોર્ડ નં.૧૫માં આજી ડેમ ટ્રાફિક પોલીસ સ્ટેશનની પાછળ આવેલ ખાલી પ્લોટ ઉપર રૂા.૨૭.૫૩ કરોડના ખર્ચ આધુનિક ફાયર સ્ટેશનન બનાવવામાં આવશે. જેના લીધે આ વિસ્તારના તેમજ આજી જીઆઇડીસીના ઉદ્યોગોને ઝડપી સહાય ઉપલબ્ધ થશે. આ માટે ટેન્ડર ભરવાની છેલ્લી તા. ૧૮ ડિસે. છે. આ વખતે કોઈ એજન્સી રસ લિયે તેવી હાલ આશા મહાનગરપાલિકા વ્યક્ત કરી રહી છે પરંતુ કયા કારણોસર બબ્બે વખત ટેન્ડર કરવામાં આવ્યા અને કોઈ એજન્સી સહભાગી ન થઈ તે પણ ચર્ચા નો વિષય છે. માત્ર આજીડેમ જ નહીં પરંતુ રાજકોટના ઘણા ખરા એવા વિસ્તારો છે જે અત્યંત ગીચ છે ત્યારે તે માટે પણ કોઈ વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરવામાં આવે તે ખૂબ જરૂરી છે.

# ગૌશાળાની કરુણ ઘટના બાદ સરકાર હરકતમાં

## સાંઢવાયામાં ગાયોને અપાયેલા ઘાસચારા, ખોળ, પાણી અને અન્ય ખોરાકના સેમ્પલ FSLને મોકલાયા

## ઉચ્ચ-સ્તરીય ટીમ ઘટનાસ્થળે : બાકીની ગાયોને ૧૬ નિષ્ણાત પશુ ચિકિત્સક ટીમો આપી રહી છે રાઉન્ડ ધ ક્લોક સારવાર

રાજકોટ, તા. ૧૩

રાજકોટના કોટડાસાંગાણી તાલુકાના સાંઢવાયા ગામમાં આવેલી રામગર બાપુ ગૌશાળામાં ગાયોના મૃત્યુની બનેલી દુઃખદ ઘટનાને ધ્યાને લઈને પશુપાલન મંત્રી જીતુભાઈ વાઘાણીએ આ સમગ્ર મામલાની ગંભીરતાથી નોંધ લીધી છે. મંત્રીએ તાત્કાલિક અસરથી પરિસ્થિતિની દેખરેખ રાખવા અને ત્વરિત પગલાં લેવા માટે પશુપાલન વિભાગના અધિકારીઓને આદેશો આપ્યા છે.પશુપાલન મંત્રીના આદેશથી ગાંધીનગર ખાતેથી પશુપાલન વિભાગની એક ઉચ્ચ-સ્તરીય ટીમ ઘટનાસ્થળે જવા રવાના થઈ છે, જે સમગ્ર પરિસ્થિતિનો તાગ મેળવશે.

ગઈકાલ તા.૧૨ ડિસેમ્બરના રોજ સાંઢવાયા



ગામની એક ગૌશાળામાં એક સાથે કેટલીક ગાયોના અગમ્ય કારણોસર મૃત્યુ થયા હતા. આ બાબતની જાણ થતા કોટડાસાંગાણી પશુચિકિત્સા અધિકારી અને પશુધન નિરિક્ષકની ટીમ દ્વારા તાત્કાલિક ધોરણે ગૌશાળાની મુલાકાત લેવામાં આવી હતી. ઘટનાની ગંભીરતા સમજીને પશુપાલન મંત્રી જીતુભાઈ વાઘાણીએ ત્વરિત પગલાં લેવા પશુપાલન વિભાગના અધિકારીઓને સૂચના આપી હતી. મંત્રીના આદેશ બાદ રાજકોટ જિલ્લાના ૫ પશુચિકિત્સા અધિકારીઓ, ૭ પશુધન નિરિક્ષકો, પશુરોગ અન્વેષણ અધિકારી, નાયબ પશુપાલન નિયામકોને મળીને કુલ ૧૬ નિષ્ણાતોની ટીમ દ્વારા સારવારની કામગીરી રાઉન્ડ ધ કલોક શરૂ કરવામાં આવી હતી.

આટલું જ નહીં, પશુ મૃત્યુના સાચા કારણની પુષ્ટિ કરવા માટે કુલ પાંચ પશુઓનું પોસ્ટમોર્ટમ એક્ઝામિનેશન કરીને સેમ્પલ એકત્ર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત મૃત પશુઓને આપવામાં આવેલા ઘાસચારા, ખોળ, પાણી અને અન્ય ખોરાકના સેમ્પલ પણ FSL કચેરીએ મોકલવામાં આવ્યા છે. પ્રાથમિક દ્રષ્ટીએ પશુમરણનું કારણ ફૂડ પોઈઝનિંગ હોવાનું અનુમાન છે. મંત્રીની સૂચના અનુસાર હાલમાં ગૌશાળાની બાકીની ગાયોને સુરક્ષિત રાખવા નિવારાત્મક પગલાં લેવામાં આવી રહ્યા છે અને અસરગ્રસ્ત ગાયોની સઘન સારવાર કરવામાં આવી રહી છે. સારવારમાં મદદ તથા વિશેષ ટિપ્પણી માટે જૂનાગઢ વેટરનરી કોલેજના પાંચ વિષય તજજ્ઞ તથા તેમની ટીમ પણ હાલ ગૌશાળા ખાતે કાર્યરત છે.વધુમાં, મંત્રી જીતુભાઈ વાઘાણીના આદેશ અનુસાર પશુપાલન વિભાગની એક ઉચ્ચ-સ્તરીય ટીમને ઘટનાસ્થળે રવાના કરવામાં આવી છે.